# શ્રી શિખરજી-પાવાપુરી-રાજગૃહી આદિ તીર્થ પરિચય

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શ્રી સમ્મેદશિખરજી (મધુવન) | ૩ |
| ૨. | ઋજુવાલિકા | ૬ |
| ૩. | પાલગંજ | ૭ |
| ૪. | મંદારગિરિ | ૭ |
| ૫. | ચંપાપુરી અને નાથનગર | ૮ |
| ૬. | કાકંદી | ૧૦ |
| ૭. | લછવાડ (ક્ષત્રિયકુંડ) | ૧૧ |
| ૮. | ગુણિયાજી | ૧૨ |
| ૯. | પાવાપુરી | ૧૨ |
| ૧૦. | કુંડલપુર | ૧૫ |
| ૧૧. | રાજગૃહી | ૧૬ |
| ૧૨. | પટના (પાટલિપુત્ર) | ૨૦ |
| ૧૩. | વૈશાલી | ૨૨ |
| ૧૪. | વારાણસી (ભેલુપુર,ભદૈની,સિંહપુરી,ચંદ્રપુરી) | ૨૪ |
| ૧૫. | ઈલાહાબાદ | ૨૭ |
| ☛ | પૂર્વ ભારતનો નક્શો | ૨૮ |
| ૧૬. | કૌશાંબી | ૩૧ |


પ્રતિ ૧૦૦૦ વિ.સં.૨૦૬૯ ઈસ્વી સન 2013

| | | |
|---|---|---|
| ૧૭. | પભૌસા | ૩૨ |
| ૧૮. | અયોધ્યા | ૩૩ |
| ૧૯. | શ્રાવસ્તી | ૩૫ |
| ૨૦. | રત્નપુરી | ૩૬ |
| ૨૧. | કુલુહા પહાડ - ભદ્રિકાપુરી | ૩૭ |
| ☛ | દિલ્લી તરફની કલ્યાણક ભૂમિઓ (નક્શો) | ૩૮ |
| | દિલ્લી | ૩૯ |
| ૨૨. | હસ્તિનાપુર | ૩૯ |
| ૨૩. | કંપિલજી | ૪૨ |
| ૨૪. | અહિચ્છત્રા | ૪૨ |
| ૨૫. | મથુરા | ૪૪ |
| ૨૬. | શૌરીપુર | ૪૫ |
| | આગરા | ૪૬ |
| ૨૭. | ગિરનાર | ૪૬ |
| ☛ | યાત્રા-આયોજન સંબંધી વ્યવહારુ સૂચન | ૪૭ |
| ☛ | તીર્થસ્થળોના ફોન નંબર | ૫૨ |
| ☛ | મુખ્ય તીર્થસ્થળોના સરનામા | ૫૪ |
| ☛ | બે તીર્થો વચ્ચેનું અંતર દર્શાવતું પત્રક | ૫૫ |
| ☛ | કલ્યાણક ભૂમિઓનો કોઠો | ૫૬ |

### શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાય માન્ય કલ્યાણક ભૂમિઓ


# શ્રી શિખરજી-પાવાપુરી-રાજગૃહી આદિ તીર્થ-પરિચય

આ પુસ્તિકામાં બધી કલ્યાણક ભૂમિઓનો સમાવેશ કરેલો છે. પુસ્તિકાની વચ્ચે 'પૂર્વ ભારત'નો સ્કેલ પ્રમાણે નક્શો આપ્યો છે જેમાં બિહાર-ઝારખંડ અને ઉત્તર પ્રદેશની કલ્યાણક ભૂમિઓ આવી જાય છે. બીજો દિલ્લી તરફની કલ્યાણક ભૂમિઓનો નક્શો 'હસ્તિનાપુર' તીર્થ પાસે મૂક્યો છે. પુસ્તિકાના અંતે બે તીર્થો વચ્ચેનું અંતર અને તીર્થોના ફોન નંબર આપ્યા છે. એક કલ્યાણક ભૂમિ ગુજરાતમાં છે તેનું પણ છેલ્લે વર્ણન આપી દીધું છે.

## ૧. શ્રી સમ્મેદશિખરજી (મધુવન)

આ પાવન ભૂમિ વર્તમાન ચોવીશીના ૨૦ તીર્થંકર (ઋષભદેવ, વાસુપૂજ્યસ્વામી, નેમિનાથ અને મહાવીર સ્વામી સિવાય) અને બીજા અનેક મુનિઓની નિર્વાણ-ભૂમિ છે. જૈનશ્રુતિ એવી છે કે બધા તીર્થંકરોનો જન્મ અયોધ્યામાં અને નિર્વાણ સમ્મેદશિખરજીથી હોય. પણ હુંડાવસર્પિણી કાળના પ્રભાવે એમ બન્યું નથી. એ ઉપરથી એમ સહેજે માની શકાય કે કેટલીય અતીત ચોવીશીઓના તીર્થંકરો અને મુનિઓ અહીંથી મોક્ષે ગયા છે. અતઃ આ તીર્થરાજની માટીનો કણ કણ પાવન છે.

ડુંગર ઉપર હાલ ૩૧ ટૂકો છે, જેમાં ૨૦ તીર્થંકર ભગવાન જે



શિખરજી પહાડનો ગાઈડ મેપ

અહીંથી મોક્ષે ગયેલા છે તેમની સ્મૃતિરૂપે તે તે સ્થળે પાદુકાજી સ્થાપન કરેલા છે. ૪ તીર્થંકર ભગવાન જે અહીંથી મોક્ષે ગયા નથી, તેમનાં દર્શન માટે, સ્મૃતિરૂપે તેમનાં પાદુકાજી ૪ ટૂકોમાં સ્થાપન કરેલાં છે. ૪ શાશ્વતા જિન–વર્ધમાન, વારિષેણ, ચંદ્રાનન અને ઋષભાનનના પાદુકાજી ૪ ટૂકોમાં છે અને ગૌતમ ગણધર તથા શુભ ગણધરની ૨ ટૂકો છે. ૧૯મી ટૂક જળમંદિરની ગણાય છે જ્યાં શામાળેયા પાર્શ્વનાથ ભગવાન મૂળનાયક તરીકે બિરાજિત છે. ત્યાં પૂજા માટે કપડાં તથા નાહવા માટે ગરમ પાણીની સગવડ છે.

કહેવાય છે કે ઇંદ્રે બંધાવેલા મંદિરો શ્રેણિક રાજાના સમયમાં છેક જ જીર્ણ થઈ ગયા હતા એટલે કે શ્રેણિકે આ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, પણ કાળાંતરે એ બધું નામશેષ થઈ ગયું એટલે ભગવાનનાં નિર્વાણ સ્થળો નક્કી કરવાનું કામ મુશ્કેલ થઈ પડ્યું. એમ કેટલાય વરસો વીતી ગયા.

દરમિયાનમાં કોઈ ભવ્ય જીવે, પં. દેવવિજયગણિની પ્રેરણાથી અઠ્ઠમ તપની આરાધના કરી. તીર્થનું નવનિર્માણ કરાવવાના પવિત્ર આશયથી કરેલી તપશ્ચર્યાના ફળરૂપે પદ્માવતીદેવીએ એ ભવ્ય જીવને સ્વપ્નમાં દર્શન દીધાં અને કહ્યું કે—''જ્યાં કેસરના સાથિયા દેખાય તે ચોક્કસ સ્થળોને ભગવાનનાં નિર્વાણ સ્થળ સમજીને ત્યાં પાદુકાજી, સ્તૂપ, ચોતરા વગેરેનું નિર્માણ કરજો.'' દેવીના કથન અનુસાર, વર્તમાન દેરીઓ, ચોતરા, સ્તૂપ વગેરેનું નિર્માણ થયેલું છે. દેરીઓમાં ભગવાનનાં પાદુકાજી સ્થાપન કરેલા છે.

કોઈ ભવ્ય જીવ ભાવસહિત આ તીર્થરાજની યાત્રા-વંદના કરે તો એને ૫૦ ભવ પણ ન કરવા પડે. ક્ષેત્રનો પ્રભાવ એવો છે કે ૪૯ ભવમાં જ એ ભવ્યજીવને મોક્ષગતિ પ્રાપ્ત કરાવી દે. પં.દ્યાનતરાયજી કહે છે કે :


**'એક વાર વંદે જો કોઈ! તાકો નરક-પશુગતિ નહીં હોઈ!**

આ તીર્થરાજની યાત્રામાં ૬ માઈલ ચઢાવ, ૬ માઈલ ઉપર ચાલવું અને ૬ માઈલ ઊતરવું પડે છે. સવારે ૪ વાગે શરૂઆત કરતા સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી નીચે આવી શકાય છે. ગૌતમસ્વામીની ટૂકથી ચંદ્રપ્રભુની ટૂક ભણી દર્શન કરતા જલમંદિરે આવી ત્યાં સાથે લાવેલ નાસ્તો વાપરી, ત્યાંથી પાર્શ્વનાથની ટૂકે જવું. ત્યાં દિ. મંદિર છે અને ભોંયરામાં પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ સ્થાને પાદુકાજી છે. ત્યાંથી ભાથાઘરે પેઢી તરફથી અપાયેલ ભાથું વાપરી, નીચે અવાય છે. યાત્રામાં ટોર્ચ સાથે રાખવો જરૂરી છે.

'પારસનાથ' સ્ટેશનથી શિખરજી (મધુવન) ૩૦ કિ.મી. અને ગિરડીથી ૨૫ કિ.મી. દૂર છે.

શ્વેતાંબરો માટે અહીં 'શ્રી જૈન શ્વેતાંબર સોસાયટી' મુખ્ય સંસ્થા છે જેની અંતર્ગત ધર્મશાળા, ભોજનશાળા, નાસ્તો, ગરમ પાણી વગેરેની નિયમિત અને પૂર્ણ સુવિધા છે. બીજી શ્વે. ધર્મશાળાઓમાં મંદિરો છે પણ આવી વ્યવસ્થા નથી. દિગંબર બીસપંથી અને તેરાપંથી કોઠીના મંદિરો સાથે પણ ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે. બધા મંદિરો પાસે પાસે જ છે.

## ૨. ઋજુવાલિકા




ગામનું નામ બારાકડ છે. ઋજુવાલિકા નદીના પુલની પેલી બાજુ રોડની બાજુમાં આ સ્થળ આવેલું છે. મહાવીર પ્રભુને ઋજુવાલિકા નદીના કિનારે, ગોધૂલિવેળાએ ગોદુહાસનમાં કેવળજ્ઞાન થયું હતું. આ સ્થળે સ્મારકરૂપે એક મંદિર બનાવી તેમાં મહાવીર પ્રભુનાં પાદુકાજી સ્થાપિત કરેલા છે. મંદિરની બાજુની નદીમાંથી એક પ્રતિમા મળી હતી, તે પણ મંદિરના ગોખમાં સ્થાપિત છે. મંદિર શાંત અને એકાંત સ્થળે છે. ભક્તિભાવ જાગે એવું વાતાવરણ છે. મધુવનથી ૧૫ કિલોમીટર દૂર છે અને ગિરડી જતાં રસ્તામાં આવે છે. અહીં પણ ભોજનશાળા તથા ધર્મશાળાની સુવિધા છે.

## ૩. પાલગંજ

કહેવાય છે કે મહાવીર ભગવાનના નિર્વાણ પછી ૩ વર્ષે, મધુવનમાં ખોદકામ કરતા પાર્શ્વનાથ ભગવાનની ચોવીશી-પરિકર સાથેની પ્રાચીન મૂર્તિ મળી આવી હતી. મધુવનમાં તે વખતે જંગલ હોવાથી પાલગંજના રાજાએ પોતાના કિલ્લામાં મંદિર બનાવી તેમાં તે મૂર્તિ બિરાજમાન કરી હતી. ભક્તિ માટે પાલગંજ સારી જગ્યા છે. મધુવનથી ૧૪ કિ.મી. દૂર છે. મધુવનથી ઋજુવાલિકા જતાં વચ્ચે જમણી બાજુ ૬ કિ.મી. અંદર છે.

## ૪. મંદારગિરિ

ગામનું નામ બૌસી છે. આ દિગંબર તીર્થ છે. દિગંબર માન્યતા પ્રમાણે અહીં વાસુપૂજ્ય ભગવાનના દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ કલ્યાણક મનાય છે. આ પવિત્ર સ્થાન ડુંગર ઉપર છે. ડુંગર ચઢતાં ૩૦ થી ૪૦ મિનિટ લાગે છે અને ઊતરતાં ૨૦ મિનિટ લાગે છે. તળેટી આગળ, શંકર ભગવાનનું શિખરબંધી મંદિર દેખાય છે.

પહાડી ઉપર વાસુપૂજ્ય ભગવાનના જ્ઞાન અને તપ કલ્યાણકના સ્થળે ૨ નૂતન મંદિર છે જેમાં ભગવાનના પાદુકાજી સ્થાપન કરેલા છે અને નિર્વાણ કલ્યાણકના પ્રતીકરૂપે એક ગુફામાં પગલાં સ્થાપિત કરેલા છે. પહાડીની ટોચ પર ત્રણે સ્થાન બાજુ બાજુમાં જ છે. ભક્તિ માટે શાંત રમણીય સ્થાન છે.

જૂના સમયમાં ચંપાપુરીનો વિસ્તાર ૪૮ કોશનો હતો. એટલે હાલ જે મંદારગિરિ છે તે, તે સમયમાં ચંપાપુરીનું જ ઉદ્યાન હતું.

હિંદુ માન્યતા અનુસાર, સમુદ્રમંથન કરતાં દેવો અને દાનવોએ આ પર્વત (મંદરાચલ) નો વલોણા તરીકે ઉપયોગ કર્યો હતો.

તળેટીથી ત્રણેક કિલોમીટર દૂર ગામમાં એક સુંદર દિગંબર મંદિર છે જ્યાં મૂળનાયક તરીકે વાસુપૂજ્ય ભગવાન બિરાજમાન છે. સાથે ધર્મશાળાની અને ભોજનશાળાની સુવિધા છે. ડોળી મળે છે.

## ૫. ચંપાપુરી (ભાગલપુર)

આ એક જ એવું ક્ષેત્ર છે કે જ્યાં એક ભગવાનના પાંચે કલ્યાણક થયાં હોય. (શ્વેતાંબર માન્યતા પ્રમાણે)

પ્રાચીનકાળમાં ભારતના ગૌરવ સમું આ એક મહાન સાંસ્કૃતિક નગર હતું. ભગવાન ઋષભદેવ સ્થાપિત બાવન જનપદોમાં, અંગ જનપદની રાજધાની હોવાનું ગૌરવ આ નગરીને મળ્યું હતું. બૌદ્ધ યુગમાં આ નગરની ગણના ૬ મહાનગરોમાં થતી હતી.

આ સિદ્ધક્ષેત્ર છે. પદ્મરથ, અંચલ, અશોક આદિ મુનિઓ અહીં મુક્તિને વર્યા હતા. શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાન આ ભૂમિમાં વિચર્યા હતા. મહાવીર પ્રભુના પટ્ટધર શ્રી સુધર્માસ્વામી અને શ્રી જંબુસ્વામી પણ અહીં પદાર્પણ કરી ગયા હતા. પ્રભુ મહાવીરે ત્રીજો અને બારમો ચાતુર્માસ અહીં કર્યો હતો. શ્રી મહાવીરના પરમ ભક્ત શ્રાવક કામદેવ, શુદ્ધ એકપત્ની વ્રતધારી સુદર્શન શેઠ, શ્રીપાળરાજા અને સતી ચંદન-બાળાની આ જન્મભૂમિ મનાય છે.

શ્વે. માન્યતા અનુસાર અહીં શ્રી વાસુપૂજ્ય ભગવાનના પાંચ

કલ્યાણક મનાય છે. અહીં બાજુ બાજુમાં ૨ મંદિર છે. એક મંદિરમાં પંચકલ્યાણકની ભાવ સ્થાપના છે અને હમણાં ભોયરામાં કાચનું મંદિર બનાવેલું છે. બીજા મંદિરમાં નીચે વાસુપૂજ્ય ભગવાનનું મંદિર અને ઉપર શ્રીપાળચરિત્ર પટમાં દર્શાવેલું છે. શ્રીપાળ રાજા ચંપાપુરીના રાજા હતા.

સતી સુભદ્રાએ કાચા સૂતરના તાંતણે ચાળણી બાંધી, કૂવામાંથી જળ કાઢી, ચંપાપુરીના દ્વાર પર છાંટી, દ્વાર ખોલ્યું હતું અને એ રીતે પોતાના સતીત્વ પરનું કલંક દૂર કર્યું હતું. આ પ્રસિદ્ધ સત્ય કથા પણ આ જ નગરની છે.

આ સ્થળ ભાગલપુર સ્ટેશનથી ૬ કિ.મી. દૂર છે. ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે.

નીચે બતાવેલ મંદિરોના દર્શન કરવા માટે સવારે વહેલા જવું જોઈએ, કારણ કે શહેર હોવાથી પછી ટ્રેફિકમાં તકલીફ પડે.

**ભાગલપુર**—ભાગલપુર સ્ટેશનની સામે સુજાગંજ લત્તામાં શ્રી વાસુપૂજ્ય ભગવાનનું દેરાસર છે. મૂલનાયક શ્રી વાસુપૂજ્ય ભગવાન અને બન્ને બાજુ શ્રી મલ્લિનાથ અને નમિનાથની મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે. શ્રી મલ્લિનાથ અને નમિનાથના પ્રાચીન પાદુકાજી પૂર્વે મિથિલામાં બન્ને પ્રભુના જન્માદિ કલ્યાણકોની સ્મૃતિમાં સ્થાપન કરેલ, પરંતુ આજે તે તીર્થનો વિચ્છેદ હોવાથી આ બન્ને પાદુકાઓ અહીં દેરાસરમાં પધરાવેલ છે. ધર્મશાળાની વ્યવસ્થા પણ છે.

**નાથનગર**—કાચની અદ્‌ભુત કારીગરીવાળું શ્રી વાસુપૂજ્ય ભગવાનનું દિગંબર દેરાસર છે. દિગંબર માન્યતા અનુસાર વાસુપૂજ્ય ભગવાનના ચ્યવન અને જન્મ, એમ બે કલ્યાણક અહીં થયા હતા. બાજુમાં એક દિગંબર મંદિર છે જે લગભગ ચાળીસેક વર્ષ પહેલાં બન્યું છે. મંદિર સુંદર અને કલાત્મક છે. એક નાના મંદિરમાં કાચની મીનાકારીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના પૂર્વભવોનાં પટ આલેખેલાં છે. શ્રીપાલ-મૈનાસુંદરી ઉદ્યાનમાં પશુ-પક્ષીઓની સજીવ કલાકૃતિઓ દર્શનીય છે. ભીત્તી ચિત્રોના માધ્યમથી પદ્મપુરાણ, હરિવંશ પુરાણ તથા છહ ઢાલાનું અનુપમ વર્ણન છે. આવું સુંદર મંદિર દિગંબર તીર્થોમાં ભાગ્યે જ જોવા મળે છે. ધર્મશાળા અને ભોજનશાળાની પણ સુંદર વ્યવસ્થા છે. નજીકમાં બીજા બે દિગંબર મંદિરો આવેલા છે.

આ સ્થળ ભાગલપુર રેલવે સ્ટેશનથી ૨ કિમી. દૂર છે અને ચંપાપુરી જતાં રસ્તામાં આવે છે.

## ૬. કાકંદી

શ્વેતાંબર માન્યતા અનુસાર શ્રી સુવિધિનાથ ભગવાનના ૪ કલ્યાણક-ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન આ પાવન ભૂમિમાં થયા હતા. સુવિધિનાથ ભગવાનનું બીજું નામ ‘પુષ્પદંત’ છે.

આ મંદિરનો જીર્ણોદ્ધાર, કલકત્તાના દાનવીર બહેન તારાબહેન કાંકરિયા તરફથી થોડાં વર્ષ પહેલાં થયો છે. મજાની વાત તો એ છે કે આ મંદિર દૂરથી જોતાં પથ્થરનું લાગે છે. કલાકારીગરી ઝીણી અને

વ્યવસ્થિત છે. પણ હકીકતમાં આ મંદિર આર.સી.સી. એટલે સિમેન્ટ કોંક્રીટનું છે. કોતરકામ પણ સિમેન્ટ પ્લાસ્ટરમાં છે. મૂળનાયક તરીકે સુવિધિનાથ ભગવાનની નૂતન પ્રતિમા બિરાજમાન કરેલી છે. એક બાજુમાં કાળા પથ્થરના પ્રાચીન પગલા પ્રતિષ્ઠિત છે. મંદિરનાં કમ્પાઉન્ડમાં નાની ધર્મશાળા પણ છે.

ચંપાપુરીથી ક્ષત્રિયકુંડ જતાં વચ્ચે જમુઈથી જમણી બાજુ લખીસરાય રોડ ઉપર ૧૮ કિ.મી. અંદર મંદિર આવેલું છે. કાર મંદિર સુધી જાય છે.

## ૭. લછવાડ (ક્ષત્રિયકુંડ)

તળેટીથી પર્વતમાળા શરૂ થાય છે. એક પછી એક એમ ૭ પહાડ ઓળંગ્યા પછી ક્ષત્રિયકુંડ આવે છે. શ્વે. માન્યતા અનુસાર આ ભગવાન મહાવીરનું જન્મસ્થાન છે. પોતાના જીવનના ૩૦ વર્ષ પ્રભુએ અહીં ગાળ્યા છે. આ ભૂમિનો કણકણ પવિત્ર અને વંદનીય છે.

તળેટીમાં, ચ્યવન અને દીક્ષા કલ્યાણકના પ્રતીકરૂપ બે મંદિર છે. પર્વતમાળા વચ્ચે સમતળ ભૂમિ પર આ સ્થાન હોવાથી અત્યંત રમણીય લાગે છે. અહીં નવનિર્મિત બહુ સુંદર મંદિર છે. એમાં મહાવીર ભગવાનની ૩૦'' ઊંચી પરિકરયુક્ત અતિ પ્રાચીન મૂર્તિ ખૂબ દર્શનીય છે.

અહીં એક સુંદર ફૂલબાગ છે, જેમાં વિવિધ રંગના સુંદર ચિત્તાકર્ષક ગુલાબ થાય છે. આ ફૂલોનો હાર જ્યારે ભગવાનને ચડે છે ત્યારની શોભા અવર્ણનીય હોય છે. મંદિરમાં ભગવાનની આરતી

અને મંગળદીવો એવા મધુર સંગીત સાથે થાય છે કે જીવ ભક્તિરસમાં ઝૂલવા લાગે. અનેક વાજિંત્રો સાથે મધુર સ્વરમાં થતાં આવા આરતી દીવો ક્યાંય જોયા નથી.

લછવાડ ગામમાં ધર્મશાળા અને નૂતન શિખરબંધી શ્વે. મંદિર છે. ભોજનશાળાની પણ વ્યવસ્થા છે. ત્યાંથી તળેટી ૪ કિ.મી. દૂર છે. પહાડ ચડતા અને ઊતરતાં લગભગ ૧-૧ કલાક લાગે છે. ચઢાવ સહેલો છે અને ચઢવા કરતા ચાલવાનું વધારે છે. ડોળી મળે છે. પહાડ ઉપર ચા-દૂધ મળે છે. પૂજાની વ્યવસ્થા છે.

જમુઈ-નવાદા રોડ ઉપર સિકંદ્રાથી ડાબી બાજુ ૧૦ કિ.મી. અંદર આ તીર્થ આવેલું છે.

## ૮. ગુણિયાજી (ગુણાવાજી)


શ્વેતાંબર માન્યતા અનુસાર અહીં ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું હતું અને દિગંબર માન્યતા અનુસાર આ ગૌતમસ્વામીનું નિર્વાણ સ્થળ મનાય છે. અહીં પણ જલમંદિર જેવું દેરાસર અને ધર્મશાળા છે. શ્વે. મંદિરથી થોડે દૂર દિગંબર મંદિર અને ધર્મશાળા પણ છે. નવાદા-બિહારશરીફ રોડ ઉપર નવાદાથી બે કિ.મી. દૂર છે.

## ૯. પાવાપુરી

આ પુણ્યભૂમિ, મહાવીર ભગવાનની અંતિમ દેશના અને નિર્વાણની ભૂમિ છે. ભગવાનની પહેલી દેશના પણ અહીં થઈ હોવાનું મનાય છે. આ જ ભૂમિમાં ભગવાન મહાવીર સાથે ઇંદ્રભૂતિ ગૌતમનો પ્રથમ મેળાપ થયો હતો. ભગવાનના બોધથી પ્રભાવિત થઈ ગૌતમે

પ્રભુ પાસે દીક્ષા લીધી હતી અને પ્રભુના પ્રથમ ગણધર બન્યા હતા.

જૈન શાસ્ત્રોમાં આ પવિત્ર નગરીને 'મધ્યમા પાવા'ના નામથી ઓળખાવી છે. કારણ એ સમયમાં 'પાવા' નામની ત્રણ નગરીઓ હતી. કેટલાક ગ્રંથોમાં મધ્યમા પાવાને 'અપાપાપુરી' એટલે પુણ્ય ભૂમિના નામથી ઓળખાવી છે. પણ એ પછી આ નગરી 'પાવાપુરી' નામથી ઓળખાતી થઈ હોય એમ લાગે છે. પ્રાચીન કાળની એ પાવાપુરી 'પાવા' અને 'પુરી' એમ બે ગામોમાં વિભક્ત થયેલી છે. જૈનોનું તીર્થધામ 'પુરી'માં છે.



પાવાપુરીના દર્શનીય સ્થળો

અહીં વિશાળ શ્વે. ધર્મશાળા ભોજનશાળા વગેરે સગવડવાળી છે. ધર્મશાળાના ચોગાનમાં જ મહાવીર પ્રભુના નિર્વાણ કલ્યાણકના પ્રતીક સમું ભવ્ય દેરાસર છે. જે સ્થળે ભગવાન નિર્વાણને પામ્યા હતા તે સ્થળે પાદુકાજી વિરાજમાન કરેલા છે.

**સમવસરણ મંદિર**—આ ધર્મશાળાથી લગભગ દોઢેક

કિલોમીટર દૂર નૂતન સમવસરણ મંદિર છે, જે લગભગ ચાળીસેક વર્ષ પહેલાં રૂ. આઠ લાખના ખર્ચે બંધાયું હતું. અહીં ભગવાનનું છેલ્લું સમવસરણ રચાયું હતું. આ જ સ્થળે સતત ૧૬ પહોરની છેલ્લી અખંડ દેશના આપ્યા પછી ભગવાન નિર્વાણ પામ્યા હતા. નૂતન સમવસરણની પાછળ એક પ્રાચીન સ્તૂપ છે જે મૂળ સમવસરણનું સ્થાન સૂચવે છે. સમવસરણ મંદિરની સામે એક વિશાળ શ્વે. મંદિર બાંધવામાં આવ્યું છે, જેમાં ગૌતમ સ્વામી, સુધર્મા સ્વામી આદિ ગણધરોની પ્રતિમાઓ સ્થાપન કરેલી છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સુવિધા પણ છે.

**જલમંદિર**—ભગવાનના દેહનો અંતિમ સંસ્કાર અહીં કરવામાં આવ્યો હતો એમ કહેવાય છે. ભગવાનના પવિત્ર દેહની રાખોડી લેવા માટે દેવો અને માનવોનો એવો તો સમૂહ ઊમટ્યો હતો કે એ સ્થળે એક વિશાળ ખાડો થઈ ગયો, જે આજે ‘નોખૂર’ અથવા ‘પદ્મ’ સરોવરના નામે ઓળખાય છે. એ સરોવરની વચ્ચે દેવવિમાન જેવું ‘જલમંદિર’ શોભી રહ્યું છે.

ભગવાનના મોટા ભાઈ નંદીવર્ધને આ મંદિર લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં બંધાવેલું. અત્યાર સુધીમાં તેના કેટલાય જીર્ણોદ્ધાર થઈ ગયા છે. મંદિર સુધી જવા માટે લગભગ ૬૦૦ ફૂટ લાંબો પુલ છે. મંદિરમાં મહાવીર પ્રભુના પાદુકાજી બિરાજમાન છે અને બે બાજુ ગૌતમસ્વામી અને સુધર્માસ્વામીના પાદુકાજી છે.

જૈન સમાજમાં આ ‘જલમંદિર’ ખૂબ જ પ્રખ્યાત છે. આજે

પાવાપુરી નામના સ્થળે-સ્થળે જલમંદિરો થઈ ગયા છે. આના પટો અને ચાંદીના મૉડલો પણ ઘણી જગ્યાએ જોવા મળે છે.

જલમંદિરથી એક ફર્લાંગ દૂર દિ.મંદિર અને ધર્મશાળા આવેલી છે.

## ૧૦. કુંડલપુર

પ્રાચીનકાળમાં ગુબ્બરગામ અથવા વડગામ નામે ઓળખાતું આજનું કુંડલપુર શ્વે. માન્યતા અનુસાર શ્રી ગૌતમસ્વામી, અગ્નિભૂતિ અને વાયુભૂતિ એ ત્રણ ગણધરોની જન્મભૂમિ છે. એ ત્રણે ભાઈઓ હતો.

દિગંબર માન્યતા અનુસાર આ પ્રભુ મહાવીરની જન્મભૂમિ છે.

શ્વે. મંદિર ધર્મશાળા વગેરે નવા બની ગયા છે. મૂર્તિઓ બહુ પ્રાચીન અને સુંદર છે. આવા શિલ્પવાળી મૂર્તિઓ બહુ ઓછી જોવા મળે છે. એક મૂર્તિ તો ઉત્થિત પદ્માસનની મુદ્રામાં છે જે કુલપાકજી તીર્થની મૂર્તિ જેવી લાગે છે. મૂર્તિઓ પરિકર સહિત છે અને ઇંદ્રો ચામર ઝૂલાવતા હોય એવો દેખાવ છે. અહીં ભાથું પણ અપાય છે.

મહાવીર ભગવાનના ત્રણ ચાતુર્માસ અહીં થયા હતા એમ કહેવાય છે. શ્વેતાંબર મંદિરથી દિગંબર મંદિર પૈદલ રસ્તે અર્ધો કિ.મી. અને રોડ રસ્તે ૧ કિ.મી. દૂર છે. આ મંદિર એકાંત સ્થાનમાં છે અને મૂર્તિ અતિશય સુંદર છે. આ દિગંબર મંદિરની પાસે જન્મસ્થાનના પ્રતીક સમુ નંદ્યાવર્ત મહલ નામે નૂતન મંદિર બન્યું છે જેમાં ભગવાનની બાલપણાની ઝાંકીઓ બનાવેલી છે. સામે ત્રણ ચોવીસીઓનું મંદિર પણ દર્શનીય છે. ધર્મશાળા, ભોજનશાળા વગેરે બધી સગવડ છે.

**નાલંદા**—આજથી લગભગ ૧૬૦૦ વર્ષ પહેલાં નાલંદા શિક્ષણનું મોટું કેંદ્ર હતું. અહીં દેશ-વિદેશના લગભગ દસ હજાર વિદ્યાર્થીઓ ભણતા હતા. ચીની યાત્રી હ્યુએનસ્તાંગ, ઈસુની ચોથી સદીમાં અહીં આવેલો. તેની નોંધબુકમાં નાલંદા વિશ્વવિદ્યાલયનો ઉલ્લેખ મળે છે. એ કાળમાં વિદ્યાલયનો વિસ્તાર ૨૯ માઈલનો હતો. એનું સાત વાર પુનઃનિર્માણ થયું હતું. છેલ્લે ઇખત્યાર ખિલજીએ આજથી ૧૨૦૦ વર્ષ પહેલા એનો નાશ કર્યો હતો.

આ વિશ્વવિદ્યાલયના બે વિભાગ છે—એક વિભાગમાં વિદ્યાર્થીઓને રહેવાનું તથા ભણવાનું છે અને સામેના વિભાગમાં બૌદ્ધ મંદિરો છે. બૌદ્ધધર્મ એ કાળમાં ખૂબ પ્રચલિત અને રાજમાન્ય હતો એમ લાગે છે.


સરકારના પુરાતત્ત્વ ખાતાએ પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલયનો અમુક ભાગ જમીન ખોદીને ખુલ્લો કર્યો છે. એ જોવાથી આ વિશ્વ-વિદ્યાલયની ભવ્યતાનો સહેજે ખ્યાલ આવી શકે છે. એની સામે જ એક મ્યુઝિયમ છે જેમાં પ્રાચીન ભગ્નાવશેષોનો સંગ્રહ છે. એની પાસે જ હમણાં એક નાલંદા મલ્ટીમીડીઆ મ્યુઝિયમ શરૂ થયું છે જેમાં પાંચવી સદીના નાલંદાનું Animation Film Show દ્વારા દર્શન કરાવવામાં આવે છે, તે વખતની ભવ્યતાનો ખ્યાલ આવે છે.

## ૧૧. રાજગૃહી (રાજગિર)

આ તીર્થની પ્રાચીનતાનો ઇતિહાસ, વર્તમાન ચોવીશીના વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનથી શરૂ થાય છે. મગધની આ

રાજધાની હતી. ભગવાન મહાવીર અને બુદ્ધે અહીં ધર્મચક્ર પ્રવર્તાવ્યું હતું. ભગવાન મહાવીરના ૧૧ ગણધરો અહીં નિર્વાણ પામ્યા હતા એમ કહેવાય છે. પ્રભુ મહાવીરની ચરણરજથી પાવન થયેલી આ ભૂમિ વંદનીય છે, પવિત્ર છે. અહીં મુનિસુવ્રત ભગવાનના ચ્યવન આદિ ૪ કલ્યાણક થયેલા છે.

અહીં કુલ ૬ પહાડ છે. એક પહાડ ઉપર બૌદ્ધ મંદિર છે અને બાકીના પાંચ પહાડ ઉપર જૈન મંદિરો છે. પાંચે પહાડની મળીને કુલ યાત્રા ૧૬ માઈલ થાય છે, જેમાંથી ૮ માઈલ જેટલું અંતર રિક્ષા અથવા તાંગાથી કાપી શકાય છે. ત્યાંના સ્થાનિક માણસો આપણા વાહનને જવા દેતા નથી.




ધર્મશાળાની પાસે જ એક ભવ્ય શ્વેતાંબર મંદિર છે. તેમાં મૂળનાયક તરીકે શ્રી મુનિસુવ્રત ભગવાનની ભવ્ય પ્રતિમા વિરાજમાન છે. ભોંયરામાં કાચનું સુંદર ગોલ્ડન મંદિર બનાવેલ છે. ભોજનશાળા વગેરે બધી જ સુવિધા છે.

**૧. વિપુલાચલ**—આ પહાડ પર ૫૫૫ પગથિયા છે, ચઢાવ સરળ છે. અહીં શ્વેતાંબર અને દિગંબર મંદિરો છે. ત્રીસેક વર્ષ પહેલા એક નવું દિગંબર સમવસરણ મંદિર બંધાયું છે, જેમાં મહાવીરપ્રભુની ચૌમુખી બિરાજમાન છે. આ પહાડ પર મહાવીર પ્રભુએ પ્રથમ ઉપદેશ કર્યો હતો.

**૨. રત્નાગિરિ :-** અહીં એક શ્વેતાંબર અને એક દિગંબર મંદિર છે. વિપુલાચલના પાછલે રસ્તે ઊતરીને અહીં અવાય છે. પગથિયા છે.

**૩. ઉદયગિરિ :-** આ પહાડ પર ૭૮૬ પગથિયા છે. ચઢતાં ૧૫-૨૦ મિનિટ લાગે છે. પહાડ ઉપરના દિગંબર મંદિરમાં મહાવીર ભગવાનની ૬ ફૂટ ઊંચી કાયોત્સર્ગ પ્રતિમા છે. બાજુમાં એક શ્વે. મંદિર છે જેમાં ચૌમુખીમાંથી ૨ પ્રતિમા ગુમ થયેલી છે.

**ગૃદ્ધકૂટ પર્વત :-** ઉદયગિરિથી અથવા રત્નાગિરિથી ગૃદ્ધકૂટ જવા માટે પાકો રસ્તો છે. આ પહાડ ઉપર ગૌતમ બુદ્ધ ઘણી વાર પધારેલા છે. પહાડ ઉપર જવા માટે રૂ. ૧૮ લાખના ખર્ચે આકાશીય રજ્જુમાર્ગ (Aerial Ropeway) બનાવેલો છે, જેમાં એકી સાથે ૧૦૦-૧૨૫ વ્યક્તિઓ આવ-જાવ કરી શકે છે. અહીં 'વિશ્વશાંતિ સ્તૂપ' નામે એક બૌદ્ધમંદિર છે. આ મંદિર ગોળ ઘુમ્મટના આકારનું છે. એમાં ચારે દિશાઓમાં, બુદ્ધ ભગવાનની ચાર જુદી જુદી મુદ્રાઓની સોનેરી મૂર્તિઓ છે. એની બાજુમાં એક જાપાનીઝ મંદિર છે. એનો મંત્ર 'નામૂ મ્યો હો રેં ગે ક્યો' છે. મંદિર આધુનિક અને સુંદર છે.

**૪. સોનાગિરિ (શ્રમણગિરિ) :-** અહીં બાજુ બાજુમાં ૩ દિગંબર અને ૧ શ્વેતાંબર મંદિર છે. ચઢાવ ૧ માઈલ છે પણ કઠણ છે. આ પહાડ પર જવા માટે પેઢીમાંથી પુલિસ રક્ષણ લેવું પડે છે.

અહીંથી વૈભારગિરિ તરફ જતાં વચ્ચે શ્રેણિક રાજાની જેલ અને મણિયાર મઠ આવે છે. આગળ જતાં ૨ ગુફાઓ આવે છે. એક ગુફામાં શ્રેણિક રાજાનો સુવર્ણભંડાર છે અને બીજી ગુફામાં ૧૫ પ્રતિમાઓ પહાડમાં કોતરેલી છે. આ ગુફાઓ ત્રીજી સદીની કહેવાય છે. આ મૂર્તિઓ ઇખત્યાર ખિલજીના વખતમાં નષ્ટ કરવામાં આવી હતી. શ્રેણિકનો સુવર્ણભંડાર ખોલવા માટે તોપના ગોળા છોડવામાં આવ્યા હતા પણ ભંડાર ખૂલ્યો નથી. કહેવાય છે કે અહીં એક શિલા-લેખ છે. એ જે વાંચી શકે તેનાથી ભંડારનો દરવાજો ખૂલે. અંગ્રેજોના શાસન દરમિયાન આ ગુફાઓનું ખોદકામ કરવામાં આવ્યું હતું.

**૫. વૈભારગિરિ :-** આ પહાડ પર ૫૬૫ પગથિયા છે. પહાડની તળેટીમાં ગરમ પાણીના ૬ કુંડ છે. એનું પાણી ગંધક મિશ્રિત હોવાથી કુદરતી રીતે ગરમ છે અને નીરોગી કહેવાય છે.

પહાડ ઉપર જતાં પ્રથમ એક શ્વેતાંબર મંદિર આવે છે. પછી વચ્ચેથી એક રસ્તો શાલિભદ્રના મંદિર તરફ જાય છે. શાલિભદ્ર અને ધન્નાજી અનશન કરી અહીંથી મોક્ષે પધાર્યા હતા. અહીં શાલિભદ્ર અને ધન્નાજીની ધ્યાનસ્થ મૂર્તિઓ હતી પણ તે ચોરાઈ ગઈ હતી. પછીથી તે મૂર્તિઓ મળી આવતાં, ધર્મશાળા પાસેના મંદિરમાં સ્થાપિત કરવામાં આવી છે. પછી એક દિગંબર મંદિર

આવે છે. ત્યાં શ્રી મુનિસુવ્રત ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા અને જ્ઞાન કલ્યાણક મનાય છે. મંદિર સુંદર છે. દિગંબર મંદિરની પાછળથી ગૌતમ સ્વામીનું મંદિર દોઢ કિ.મી. દૂર છે, જ્યાંથી ગૌતમ વગેરે ૧૧ ગણધરો મોક્ષે પધાર્યા હતા.

શ્વેતાંબર માન્યતા છે કે આ પહાડ ઉપર ભગવાન મહાવીરે ૧૪ ચાતુર્માસ કર્યા હતા. વળી જંબુસ્વામી, પ્રીતિંકર વગેરે મુનિરાજોની પણ આ નિર્વાણભૂમિ છે.

અહીં શાલિભદ્રનો કૂવો પણ છે જે 'નિર્માલ્યકૂપ' તરીકે ઓળખાય છે. શાલિભદ્ર અને એની ૩૨ પત્નીઓ દેવલોકથી આવનારા વસ્ત્રાલંકારો એક વાર ઉપયોગ કરીને એમાં નાખી દેતા હતા.

પહેલો અને બીજો પહાડ ચઢી દર્શન કરી ઊતરતાં લગભગ ૩-૩।। કલાક લાગે છે. ત્રીજા પહાડમાં ૪૫ મિનિટ લાગે છે. ત્રીજા પહાડની તળેટીમાં પેઢી તરફથી ભાથું અપાય છે. પાંચમા પહાડમાં ૧।।-૨ કલાક લાગે છે. ત્યાંથી એકાદ કિ.મી. દૂર 'વીરાયતન'માં જૈન મ્યુઝિયમ જોવા જેવું છે. ગામમાં દિ. મંદિર અને ધર્મશાળા પણ છે. શાંતિથી યાત્રા કરવી હોય તો બે દિવસ રાખવા જોઈએ અને પાંચમો પહાડ તથા વીરાયતન અને બૌદ્ધ મંદિરો બીજે દિવસે જોઈ શકાય.

## ૧૨. પટના (પાટલિપુત્ર)

આજનું પટના શહેર પ્રાચીનકાળમાં મગધ દેશની રાજધાની હતું. રાજા શ્રેણિકના પૌત્ર રાજા ઉદયને, પોતાના પિતાશ્રી (કોણિક) અજાતશત્રુના સ્વર્ગવાસ પછી વિ.સં. પૂર્વે ૪૪૪ની આસપાસ આ

શહેર વસાવ્યું હતું. રાજા ઉદયન જૈનધર્મી હતા.

અહીં રેલવે લાઈન પાસે એક બાગ છે જે 'ગુલઝારબાગ' કહેવાય છે. અભયારાણી જે મરીને વ્યંતરી થઈ હતી તેણે સુદર્શન મુનિ ઉપર આ સ્થળે ઉપસર્ગ કર્યો હતો. પણ ભક્ત યક્ષ દ્વારા એ ઉપસર્ગનું નિવારણ થતાં, પ્રાતઃકાળે સુદર્શન મુનિને કેવળજ્ઞાન પ્રગટ્યું હતું. એ સ્થળે સ્મારકરૂપે એક દેરીમાં સુદર્શનમુનિનાં પગલાંની સ્થાપના છે.

સુદર્શન શેઠ ચંપાપુરીમાં રહેતા હતા. તેમની સુંદર, સુદૃઢ કાયા પર મોહિત થઈ અભયારાણીએ ઘણા અનુકૂળ ઉપસર્ગ તેમના પર કર્યા હતા. છતાં સુદર્શનશેઠ બ્રહ્મચર્યવ્રતમાં અડગ રહ્યા હતા.રાણીએ પોતાની ઇચ્છા પૂર્ણ ન થતાં સુદર્શન શેઠ પર કુશીલનો આરોપ મૂક્યો હતો, જેથી રાજાએ સુદર્શન શેઠને શૂળીની સજા ફરમાવી હતી. પણ બ્રહ્મચર્યના પ્રભાવથી દેવોએ શૂળીનું સિંહાસન કર્યું હતું.

આ પ્રસંગથી સંસારનું એકાંતે શોકાર્ત્ત સ્વરૂપ સમજીને સુદર્શન શેઠ દીક્ષા લઈ મુનિ થયા અને વિહાર કરતા પટના(પાટલિપુત્ર)ના ઉદ્યાનમાં ધ્યાનમાં રહ્યા હતા ત્યારે પૂર્વભવના વેરનું સ્મરણ થતાં અભયા વ્યંતરીએ ઉપસર્ગ કર્યા હતા.

આ બાગમાં બાજુમાં એક બીજી દેરી છે જે કોશા ગણિકાનો મહેલ ગણાય છે. સ્થૂલિભદ્ર મુનિ પોતાની પૂર્વાવસ્થામાં, આ કોશાના મહેલમાં ૧૨ વર્ષ સુધી રંગરાગમાં રહ્યા હતા અને દીક્ષા અંગીકાર કર્યા પછીનું પ્રથમ ચાતુર્માસ પણ તેમણે ગુરુની અનુમતિથી, કોશા ગણિકાની ચિત્રશાળામાં કર્યું હતું અને કોશા ગણિકાને પ્રતિબોધ

પમાડી શ્રાવિકા બનાવી હતી. આ રીતે કામના મંદિરમાં રહી કામને જીતવાથી તેઓ 'કામવિજેતા સ્થૂલિભદ્ર' તરીકે ખ્યાતિ પામ્યા. આગામી ૮૪ ચોવીશીઓ સુધી બ્રહ્મચર્ય (કામ-વિજય) માટે તેમનું નામ ઝળહળતું રહેશે. એ સ્થળે એક દેરીમાં સ્થૂલિભદ્રના પગલાની સ્થાપના કરેલી છે.

'ગુલઝારબાગ'માં સુદર્શનપથ ઉપર શ્રી કમલદહજી સિદ્ધક્ષેત્ર દિગંબર જૈન ધર્મશાળા અને સાથે નાનું નવીન દિગંબર મંદિર પણ આવેલું છે. સુદર્શન શેઠ તથા સ્થૂલિભદ્રના સ્મારકોથી એ ધર્મશાળા એક ફર્લાંગ દૂર છે.

પટના સિટીમાં બીજા મંદિરો પણ છે. બાડેકી ગલીમાં ગુરુ ગોવિંદસિંહના જન્મ-સ્થાન ઉપર બનાવેલ ગુરુદ્વારા પાસે એક શ્વે. મંદિર તથા ધર્મશાળા છે. આ મંદિરના ઉપરના ખંડમાં પ્રાચીન પ્રતિમાઓ છે. બાજુમાં કચોડી ગલીમાં એક દિગંબર મંદિર પણ છે.

## ૧૩. વૈશાલી

ભગવાન મહાવીર અને બુદ્ધ સાથે આ નગરીનો સંબંધ હોવાથી વૈશાલી અતિ પવિત્ર મનાય છે. પ્રાચીનકાળની વૈશાલીના ગુણગાન ઇતિહાસે ખૂબ ગાયા છે. કાળની બલિહારી છે કે આવી ભવ્ય અને સમૃદ્ધ નગરી આજે ખંડેરમાં પલટાઈ ગઈ છે. આ સ્થાન અત્યારે 'બસાઢ' ગામ તરીકે ઓળખાય છે.

છેલ્લા સંશોધનના આધારે દિગંબર માન્યતા અનુસાર ભગવાન મહાવીરના ચ્યવન, જન્મ અને દીક્ષા કલ્યાણક, વૈશાલી પાસેના

'કુંડગ્રામ'માં થયા હતા. એ જગ્યા ભગવાનના વખતથી 'અહલ્યા' એટલે અણખેડી મનાય છે. ત્યાં હાલમાં ધર્મચક્ર જેવું સ્મારક ઊભું કર્યું છે. સમ્રાટ અશોકનો ચાર સિંહોની મુખાકૃતિવાળો અને ધર્મચક્ર-વાળો સ્તંભ પણ અહીં ખોદકામ કરતાં પ્રાપ્ત થયો છે જેને આપણા દેશના રાષ્ટ્રધ્વજમાં અને રાષ્ટ્રચિહ્નમાં સ્થાન મળ્યું છે. ગૌતમ બુદ્ધે અહીં ઉપદેશ આપેલો તેની સ્મૃતિમાં બનાવેલા સ્તૂપ પણ અહીં ખંડેરરૂપે મળ્યા છે. બીજા પણ ઘણા અવશેષો અહીં ખોદકામ કરતાં નીકળ્યા છે.

બિહાર સરકારે જૈન શાસ્ત્રોના અભ્યાસ અને સંશોધન માટે અહીં એક કૉલેજ ઊભી કરી છે જેનું નામ 'પ્રાકૃત જૈન શાસ્ત્ર અને અહિંસા શોધ સંસ્થાન' છે, જેનું મુખ્ય ભવન શ્રી શાંતિપ્રસાદ સાહૂ તરફથી બનાવવામાં આવ્યું છે. આ સંસ્થા બિહાર વિશ્વવિદ્યાલયથી સંબદ્ધ છે. અહીં પ્રાકૃત અને જૈન શાસ્ત્ર વિષયના અધ્યયન માટે દેશના ભિન્ન ભિન્ન રાજ્યો ઉપરાંત દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોના વિદ્યાર્થીઓ પણ આવે છે. સમસ્ત ભારતમાં આ પ્રકારની આ એક જ કૉલેજ છે. આ સંસ્થાથી વૈશાલીનું ગૌરવ વધ્યું છે. પુરાતત્ત્વ સંગ્રહાલય પણ છે.

દિગંબર મંદિરમાં ભગવાન મહાવીરની ૨૦૦૦ વર્ષ કરતા પણ વધુ જૂની એવી કાળા પથ્થરની સુંદર પ્રતિમા છે. આ પ્રતિમા, મંદિરની દક્ષિણ દિશાએ આવેલા 'બૌના' તળાવમાંથી પ્રાપ્ત થઈ હતી.


પ્રાચીન કાળમાં આ વૈશાલી ભારતનું ગણતંત્ર હતું. રાજા ચેટક અહીંના ગણાધીશ હતા. પ્રસિદ્ધ નર્તકી આમ્રપાલી અહીંની જ હતી.

અહીં જ તેણે બુદ્ધ ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી હતી.

હાલ અહીં ઊતરવા માટે સરકારી ડાક બંગલો છે. બીજી કોઈ સુવિધા નથી. પટનાથી ૫૦ કિ.મી. દૂર છે.

## ૧૪. વારાણસી

આ નગરીનું પ્રાચીન નામ કાશી, બનારસ છે. વારણ અને અસી નામની બે નદીઓનો અહીં સંગમ થાય છે. એટલે આ તીર્થ વારાણસી તરીકે ઓળખાય છે. આ નગરી ભગવાન પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીના બોધથી પાવન થઈ છે. ઈ.સ. પૂર્વે નવમી સદીમાં પાર્શ્વનાથ પ્રભુનો જન્મ અહીં થયો હતો એમ મનાય છે.




રામઘાટ ઉપર નદી કિનારે એક મંદિર છે જે 'શ્રી શ્વે. જૈન પંચાયતી બડા મંદિર'ના નામે ઓળખાય છે. અહીં પાર્શ્વનાથ પ્રભુએ, પંચાગ્નિ તપ તપતા કમઠ જોગીને પ્રતિબોધ આપી, બળતા નાગ-નાગણીને નમસ્કાર મંત્ર સંભળાવી, ધરણેંદ્ર-પદ્માવતી બનાવ્યા હતા. આ

મંદિરમાં મૂર્તિઓ પ્રાચીન અને સુંદર છે. આજુબાજુની ગલીઓમાં પણ ૨-૩ શ્વેતાંબર અને દિગંબર મંદિરો આવેલા છે. ચોકથી રામઘાટ ચાલતાં જવું પડે છે. રસ્તો સાંકડો છે.

અહીં ગૌધોલિયાથી ચોક જતાં રસ્તામાં કાશી વિશ્વનાથનું હિંદુ મંદિર આવે છે અને મેદાગિનમાં બાબુ બિહારીલાલે બંધાવેલું સુંદર દિગંબર જૈન મંદિર છે. બીજા પણ ૨-૩ મંદિરો એ વિસ્તારમાં છે જેમાં બાહુબલીજીની સફેદ આરસની ઊંચી કાયોત્સર્ગ પ્રતિમા છે અને બીજા મંદિરમાં પાર્શ્વનાથ ભગવાનની કૃષ્ણવર્ણની ભવ્ય પ્રતિમા છે.

સ્વામી સમંતભદ્રને ભસ્મ રોગ થયો ત્યારે ગુરુની આજ્ઞાથી શ્વેતવસ્ત્રધારી યોગીનો વેશ લઈ ૬ મહિના સુધી બનારસમાં રહ્યા હતા, અને શિવજીનું નૈવેદ્ય ખાધું હતું. પછી તેમનો રોગ શાંત થતાં નૈવેદ્ય વધવા લાગ્યું. તેથી રાજા શિવકોટિને ખબર પડી ગઈ કે એ શિવજીને નૈવેદ્ય ધરાવતો નથી પણ પોતે જ ખાઈ જાય છે. એટલે રાજાએ સમંતભદ્ર સ્વામીને કહ્યું કે શિવજીની સ્તુતિ કરો અને નમસ્કાર કરો. ત્યારે સમંતભદ્રે ‘સ્વયંભૂસ્તોત્ર’ની રચના કરી કે તૂર્ત જ શિવલિંગ ફાટ્યું અને અંદરથી ચંદ્રપ્રભુ ભગવાનની દિવ્ય મૂર્તિ પ્રગટ થઈ. પરિણામે રાજા શૈવ મટી જૈનધર્મી થયો અને ચંદ્રપ્રભુનું દિવ્ય મંદિર બંધાવ્યું. આજે એ મંદિરનું નામનિશાન પણ નથી.

વારાણસીના અન્ય દર્શનીય સ્થળોમાં—તુલસીમાનસમંદિર, બનારસ હિંદુ યુનિવર્સિટીમાં કાશી વિશ્વનાથનું મંદિર, ભારતમાતા મંદિર, ચોકમાં કાશી વિશ્વનાથનું હિંદુ મંદિર વગેરે ગણાય છે.

**ભેલુપુર**—વારાણસીનું એક પરું ગણાય છે અને વારાણસી રેલવે સ્ટેશનથી લગભગ બે માઈલ દૂર આવેલું છે.

વર્તમાન ચોવીશીના તેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચાર કલ્યાણક-ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન અહીં મનાય છે. દિગંબર અને શ્વેતાંબર મંદિર તથા ધર્મશાળા એક ખાંચામાં પાસે પાસે જ આવેલા છે અને મેઈન રોડ ઉપર એક દિગંબર મંદિર છે જે પાર્શ્વનાથ ભગવાનનું જન્મસ્થાન કહેવાય છે. એની સામે એક શ્વેતાંબર ધર્મશાળા પણ છે, જ્યાં ભોજનશાળાની વ્યવસ્થા છે. આ મંદિરો તેમજ ધર્મશાળાઓ ભેલુપુર પોલિસથાણાની એકદમ પાસે છે.

**ભદૈની**—વારાણસીનું એક પરું ગણાય છે અને ભેલુપુરથી લગભગ દોઢ કિલોમીટર દૂર આવેલું છે. અહીં રિક્ષા જ જઈ શકે છે.

વર્તમાન ચોવીશીના સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનો જન્મ અહીં થયો હતો. ભગવાનના ચાર કલ્યાણક-ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાનથી આ ભૂમિ પાવન થઈ છે.

ગંગાકિનારે વચ્છરાજ ઘાટ પર શ્વેતાંબર મંદિર આવેલું છે તથા ત્યાંથી એકાદ ફર્લાંગ દૂર દિગંબર મંદિર પણ છે.

**સિંહપુરી (સારનાથ)**—આ ક્ષેત્રનો ઇતિહાસ વર્તમાન ચોવીશીના અગિયારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથ ભગવાનના સમયથી શરૂ થાય છે. ભગવાનના ચ્યવનાદિ ચાર કલ્યાણક અહીં થયેલા છે. સંભવતઃ શ્રેયાંસનાથ નામ ઉપરથી જ આ તીર્થનું નામ સારનાથ પડ્યું હોય.


બૌદ્ધ લોકોનું પણ આ તીર્થ છે. અહીં બુદ્ધનું વિખ્યાત મંદિર છે જ્યાં ગૌતમ બુદ્ધે જ્ઞાન થયા પછી પહેલો ઉપદેશ આપ્યો હતો. મંદિરમાં બુદ્ધ ભગવાનની પથ્થરની મૂર્તિ છે, જેના પર સોનાનો વરખ ચોડેલો છે. મંદિરની દિવાલો પર, જાપાનીઝ ચિત્રકારે બુદ્ધના જીવન-પ્રસંગો ચીતરેલા છે. પરદેશી બૌદ્ધ ભક્તોએ પણ અહીં પોતપોતાના મંદિરો અને આવાસો બંધાવ્યા છે. મંદિરની પાસે ૧૦૩ ફૂટ ઊંચો ૨૨૦૦ વર્ષ પહેલાં સંપ્રતિરાજાએ બનાવેલો સ્તૂપ છે.

બૌદ્ધ મંદિરની બાજુમાં જ દિગંબર મંદિર છે. એ ઉપરાંત એક મ્યુઝિયમ પણ છે, જેમાં બુદ્ધ સમયના પ્રાચીન અવશેષો છે. દિગંબર મંદિરથી ૧½ કિ.મી. દૂર શ્વેતાંબર મંદિર આવેલું છે જ્યાં વચ્ચે સમવસરણ આકારનું મુખ્ય મંદિર અને ચાર ખૂણે ચાર કલ્યાણકોના ભાવમંદિર બનાવેલા છે. અહીં ધર્મશાળા તથા પૂજાની સગવડ છે અને વારાણસીથી ૧૨ કિ.મી. દૂર છે. યાત્રિકોને ભાથું અપાય છે.


**ચંદ્રપુરી**—આ ક્ષેત્રનો ઇતિહાસ આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુસ્વામીનાં સમયથી શરૂ થાય છે. ચંદ્રપ્રભુ ભગવાનનો જન્મ અહીં થયો હતો. તેમના ચાર કલ્યાણક અહીં થયેલા છે. ગંગાનદીના કિનારા પર એક ટેકરી ઉપર શ્વેતાંબર મંદિર છે. જગ્યા ખૂબ રમણીય છે. બાજુમાં એક દિગંબર મંદિર પણ છે. બન્ને સંપ્રદાયની નાની ધર્મશાળાઓ પણ છે. આ સ્થળ વારાણસીથી ૨૬ કિ.મી. દૂર છે.

## ૧૫. ઇલાહાબાદ

આનું ઐતિહાસિક નામ 'પુરિમતાલ' છે ને પ્રાચીન નામ 'પ્રયાગ' છે.


પૂર્વ ભારત
(સમ્મેદશિખરજી આદિ તીર્થસ્થળ
દર્શાવતો નક્શો)
સ્કેલ ૧ સે.મી. = ૩૪ કિમી.
સંકેતસૂચિ
રાષ્ટ્રીય ધોરી માર્ગ
રેલ્વે લાઈન
અન્ય માર્ગ
તીર્થસ્થળ
શ્રાવસ્તી
બલરામપુર
ઉતરોલા
ગોંડા
નવાબગંજ
રત્નપુરી
અયોધ્યા
ફૈજાબાદ
લખનૌ
બસ્તી
ગોરખપુર
દેવરીયા
ગોપાલગંજ
મુજફ્ફરપુર
સિવાન
વૈશાલી
છપરા
હાજીપુર
સુલતાનપુર
જૌનપુર
સારનાથ
ગાજીપુર
ચંદ્રપુરી
બક્સર
પટના
કુંડલપુર
બિહારશરીફ
પાવાપુરી
ગુણાવાજી
નાલંદા
રાજગૃહી
લખીસરાય
કાકંદી
જમુઈ
જાજા
બૌસી
(મંદારહિલ)
બારાહટ
ચાકાઈ
દેવગઢ
જિયાગંજ
દુમકા
કાનપુર
ઈલાહાબાદ
વારાણસી
મોહનીયા
બીકમગંજ
ગયા
બુધગયા
કોડરમા
જમુઆ
ગીરડી
મધુપુરા
પભોસા
મંદરી
સરાયકીલ
કૌશાંબી
મિરજાપુર
સસરામ
શેરઘાટી
હજારીબાગ
રોડ
ઋજુવાલિકા
પાલગંજ
હંટરગંજ
દંતારગાવ
કુલુહાપહાડ
(ભદ્દિલપુર)
છત્ર
ઘંઘરી
પારસનાથ
(ઈસરી)ડુમરી
મધુવન
(શિખરજી)
ધનબાદ
કલકત્તા

આદિ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાને અહીં દીક્ષા લીધેલી અને અહીંના શકટમુખ નામના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે શુક્લ ધ્યાન ધરતા મહા વદ ૧૧ના શુભ દિને ઉત્તરાષાઢા નક્ષત્રમાં પ્રાતઃકાળે કેવળજ્ઞાન પામ્યા હતા. અર્થાત્ ઋષભદેવ પ્રભુના દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકથી આ ભૂમિ પાવન થયેલી છે. ઋષભદેવ પ્રભુનો જન્મ અયોધ્યામાં થયેલો અને ઇલાહાબાદ એ સમયે અયોધ્યાનું ઉદ્યાન હતું.




ચરમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન પણ અહીં શકટમુખ ઉદ્યાનમાં ધ્યાનસ્થ રહ્યા હતા. પ્રભુ વીરનું સમવસરણ પણ અહીં રચાયું હતું.

જીરો રોડ ઉપર ચાહચંદ મહોલ્લામાં ચાર દિગંબર મંદિરો આવેલા છે. મૂર્તિઓ લગભગ ૫૦૦ વર્ષ જૂની છે. સાથે દિગંબર ધર્મશાળા પણ છે. ત્યાંથી ૧II કિલોમીટર દૂર શ્વેતાંબર જૈન ધર્મશાળા, ૧૨૦ બાઈકા બાગ, પાયલ ટોકીઝ પાસે, વેણીમાધવના મંદિર સામે આવેલી છે. એની સાથે શ્રી આદિનાથ ભગવાનનું નૂતન શ્વેતાંબર મંદિર પણ છે. રહેવા અને જમવા માટે અહીં કટ્ટઘર રોડ પર મુઠ્ઠીગંજમાં 'ગુજરાતી સમાજ' પણ છે.

સ્વ.પં. જવાહરલાલ નહેરુનું નિવાસસ્થાન ‘આનંદભવન’ ‘નહેરુ તારામંડળ’ અને ‘મ્યુઝિયમ’ જોવા જેવા છે. જોવાનો સમય સવારે ૯-૪૫ થી સાંજે ૫-૦૦ સુધી છે અને સોમવારે બંધ રહે છે. એ સિવાય ‘ત્રિવેણી સંગમ’ પણ હિંદુઓ માટે તીર્થરૂપ છે, જ્યાં ગંગા, યમુના અને સરસ્વતી–એ ત્રણ નદીઓ મળે છે. ત્રિવેણી સંગમ પાસેના કિલ્લામાં એક વટવૃક્ષ છે, જ્યાં આદિનાથ ભગવાનને કેવળજ્ઞાન થયેલું મનાય છે.

**નવું તીર્થ–** ઇલાહાબાદ-વારાણસી હાઈવે ઉપર વિ. સં. ૨૦૦૧ માં ઋષભદેવ ભગવાનના દીક્ષા અને જ્ઞાન કલ્યાણકના પ્રતીકરૂપે **‘ઋષભદેવ તપસ્થલી તીર્થ’** ઉદ્‌ભવ પામ્યું છે, જ્યાં મંદિર ઉપરાંત સમવસરણ અને કૈલાશ પર્વતની રચના બનાવેલી છે. રહેવાની અને ભોજનશાળાની સુવિધા છે. આ સ્થળ અંદાવા ગામ પાસે આવેલું છે. એ દિગંબર તીર્થ છે.

## ૧૬. કૌશાંબી

શ્રી પદ્મપ્રભુ ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન, એમ ચાર કલ્યાણક હોવાનું સદ્‌ભાગ્ય આ પાવન ભૂમિને પ્રાપ્ત થયું છે. ભગવાન મહાવીરનાં અહીં અનેક વાર પદાર્પણ થયા હતા. પ્રભુનું સમવસરણ અહીં પણ રચાયું હતું.

આ એ જ પાવન ભૂમિ છે જ્યાં પ્રભુ મહાવીરનો કઠોર અભિગ્રહ મહાસતી ચંદનબાળા દ્વારા પાર પડ્યો. પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થતાં જ દેવદુંદુભિનો નાદ થયો અને દેવોએ રત્નો અને પુષ્પોની વર્ષા

કરી, સતી ચંદનબાળાની બેડીઓ તૂટી, શિર પર વાળ સાથે દેવમુકુટ ધારણ થયું અને શરીર અનેક આભૂષણોથી સજ્જ થયું. સતી ચંદનબાળાએ પ્રભુ પાસે ત્યાં જ દીક્ષા ગ્રહણ કરી અને પ્રભુની પ્રથમ શિષ્યા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું.

અત્યારે અહીં એક શ્વેતાંબર મંદિર અને ધર્મશાળા છે. મંદિરમાં પદ્મપ્રભુ ભગવાનની સુંદર મૂર્તિ છે. આ મૂર્તિ બહુ જૂની નથી પણ કલાકારે પ્રભુનાં નેત્ર એવાં તો પ્રાકૃતિક બનાવ્યાં છે કે ભગવાનની આંખમાં છલકતા કરુણારસના દર્શન દર્શનાર્થી ભાવિકોને થાય છે. શ્વેતાંબર મંદિરથી ૧ કિ.મી. દૂર દિગંબર મંદિર છે, જ્યાં પદ્મપ્રભુ ભગવાનની ૪૦૦ વર્ષ જૂની ચૌમુખી છે. જૂની નગરીમાં અવશેષો પણ યત્ર-તત્ર નજરે પડે છે. મંદિરથી દૂર એક વિશાલ ધર્મશાળા છે અને ભોજનશાળા નિર્માણાધીન છે.

## ૧૭. પભૌસા (પભોષા)

આ દિગંબર તીર્થ છે. દિગંબર માન્યતા અનુસાર શ્રી પદ્મપ્રભુ ભગવાનના દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક આ પાવન ભૂમિમાં થયાં છે. કોઈ એક સમયે આ સ્થળ કૌશામ્બી નગરીનું એક ઉદ્યાન હતું.

ઈ.સ. પૂર્વેના શિલાલેખો અહીં મળી આવ્યા છે. પ્રતિમા પણ ઈ.સ. પૂર્વ શતાબ્દીની માનવામાં આવે છે. તે જ પ્રાચીન પ્રતિમા અત્યારે મંદિરમાં બિરાજમાન છે.

ધર્મશાળાના ચોગાનમાં નવીન શિખરબંધી મંદિર બન્યું છે. થોડે

દૂર એક નાની પહાડી ઉપર શ્રી પદ્મપ્રભુ સ્વામીની ચોથા આરાની અઢી ફૂટ ઊંચી પ્રતિમા છે. આ પ્રતિમાનો રંગ, સૂર્યના તાપની સાથે બદલાય છે એવો દૈવી અતિશય મનાય છે. પહાડીના ૨૦૦ પગથિયા છે.

પભૌસા અતિશય ક્ષેત્ર મનાય છે. ક્યારેક રાત્રે કેસરિયા ટીપાંનો વરસાદ થાય છે. કહેવાય છે કે ચૈત્રી પૂનમે અને કારતક સુદ તેરસે વધારે પ્રમાણમાં કેસરી વર્ષા થાય છે. અહીં દર વરસે ચૈત્રી પૂનમે મેળો ભરાય છે. આ દિવસે સ્થળે સ્થળેથી યાત્રીઓ અહીં આવે છે અને પ્રભુભક્તિનો લાભ લે છે. અહીં ધર્મશાળા છે અને પૂર્વસૂચના આપવાથી ભોજનની વ્યવસ્થા થઈ શકે છે.

## ૧૮. અયોધ્યા

યુગાદિદેવ શ્રી આદીશ્વર ભગવાનનાં ચ્યવન, જન્મ અને દીક્ષા કલ્યાણક તથા શ્રી અજિતનાથ, શ્રી અભિનંદન, શ્રી સુમતિનાથ અને શ્રી અનંતનાથ ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક હોવાનું પરમ સૌભાગ્ય આ પાવન ભૂમિને મળ્યું છે. એટલે કે પાંચ તીર્થંકરોના મળીને ૧૯ કલ્યાણક અહીં થયેલા છે.

આ પ્રાચીન તીર્થ છે. આ નગરીનાં પ્રાચીન નામ ઈક્ષ્વાકુ ભૂમિ, કોશલ, કોશલા, વિનીતા, અયોધ્યા, અવધ્યા, રામપુરી અને સાકેતપુરી આદિ શાસ્ત્રોમાં બતાવેલા છે. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધની ચરણરજથી આ ભૂમિ પવિત્ર બની છે.

સરયુ અને ઘાઘરા નદીના તટ પર આ અયોધ્યા નગરી વસી છે.

વર્તમાનમાં કટરા મહોલ્લામાં શ્વેતાંબર મંદિર છે જ્યાં મૂળનાયક તરીકે અજિતનાથ ભગવાન પ્રતિષ્ઠિત છે. વચ્ચે સમવસરણની રચના છે અને ચાર ખૂણે ચાર ભગવાનના કલ્યાણકોના પ્રતીકરૂપે પાદુકાજીની સ્થાપના છે. સાથે શ્વેતાંબર ધર્મશાળા અને ભોજનશાળા પણ છે. બીજા ૨-૩ મંદિરો આજુબાજુમાં છે. એક દિ.મંદિર પણ છે.

અહીંથી ૧ા-૨ કિલોમીટર દૂર રાયગંજ મહોલ્લામાં નૂતન દિગંબર મંદિર છે, જ્યાં મૂલનાયક તરીકે ઋષભદેવની ૨૮ ફૂટ ઊંચી ભવ્ય કાયોત્સર્ગ પ્રતિમા છે, અને બાજુમાં ચાર ભગવાનોની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. આ મંદિર અયોધ્યા રેલવે સ્ટેશનથી લગભગ પોણો કિલોમીટર દૂર છે. મંદિરની સાથે વિશાળ ધર્મશાળા છે. જમવાની સુવિધા પણ છે.

આ વૈષ્ણવોનું તીર્થધામ છે. રામ-સીતાનાં હજારો મંદિરો અહીં હશે. તેમાં કનકભુવન, રામની જન્મભૂમિ, સીતાજીનો મહેલ અને હનુમાનગઢી વગેરે મુખ્યપણે દર્શનીય છે.

જૈનશ્રુતિ અનુસાર આ દેવરચિત નગરી કહેવાય છે. એક અનુશ્રુતિ એમ છે કે બધાય તીર્થંકરોનો જન્મ અયોધ્યામાં હોય, પણ હુંડાવસર્પિણી કાળ હોવાથી એમ બન્યું નથી. ભરત ચક્રવર્તીની રાજધાની અને મર્યાદા પુરુષોત્તમ નર શ્રી રામની એ જન્મભૂમિ છે. જેના નામથી પાલિતાણા નગર વસ્યું છે તે મહાન વિભૂતિ સિદ્ધપુરુષ પાદલિપ્તાચાર્યની પણ એ જન્મભૂમિ છે.

ફૈજાબાદ સ્ટેશનથી અયોધ્યા પાંચ કિ.મી. દૂર છે.

# ૧૯. શ્રાવસ્તી

વિક્રમની ચૌદમી સદીમાં આચાર્ય શ્રી જિનપ્રભસૂરીશ્વરજીએ શ્રાવસ્તી નગરીનું નામ ‘મહિડ’ હોવાનો ઉલ્લેખ ‘વિવિધ તીર્થકલ્પ’માં કર્યો છે. એ સમયમાં અહીં વિશાળ કોટથી ઘેરાયેલું અનેક પ્રતિમાઓ અને દેવકુલિકાઓ સહિત રત્નવિભૂષિત જિનભવન હોવાનો ઉલ્લેખ છે. પહેલાં આ મંદિરના દરવાજા, શ્રી મણિભદ્ર યક્ષના પ્રભાવથી સૂર્યાસ્ત સમયે આરતી પછી સ્વતઃ બંધ થઈ જતા હતા, અને સવારે સૂર્યોદય થતાં જ આપમેળે ખૂલી જતા હતા. વાર્ષિક મેળાના દિવસે એક વાઘ અહીં આવી બેસતો અને આરતી પછી જતો રહેતો એવો ‘વિવિધ તીર્થકલ્પ’માં ઉલ્લેખ છે.

વર્તમાન શ્રાવસ્તી ગામની નજીક સહેતમહેતમાં ખોદકામ કરતાં અનેક પ્રાચીન પ્રતિમાઓ અને શિલાલેખો પ્રાપ્ત થયા છે, જે લખનૌ અને મથુરાના મ્યુઝિયમમાં સંગ્રહિત છે. મહેત કિલ્લાની નજીક એક પ્રાચીન મંદિર મળી આવ્યું છે, જેને શ્રી સંભવનાથ ભગવાનનું જન્મસ્થાન બતાવવામાં આવે છે.

ધોરીમાર્ગ ઉપર શ્વેતાંબર અને દિગંબર મંદિર અહીં બાજુ બાજુમાં જ છે. શ્વેતાંબર મંદિર નવું બંધાયું છે. સાથે નૂતન ધર્મશાળા પણ છે, જેમાં ગાદલા, ભોજનશાળા વગેરેની બધી સગવડ છે.

અહીં સંભવનાથ ભગવાનના ચ્યવનાદિ ચાર કલ્યાણક થયેલા છે. મહાવીર ભગવાનને ગોશાલા દ્વારા તેજોલેશ્યાનો ઉપસર્ગ, અને

રેવતી શ્રાવિકા દ્વારા ભગવાનને ઔષધદાન અહીં જ થયેલું છે. પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય કેશીસ્વામી અને ભગવાન મહાવીરના ગણધર ગૌતમસ્વામીનું પ્રથમ મિલન અહીં જ થયું હતું, અને કેશીસ્વામીએ સરળપણે ગૌતમસ્વામીના કહેવાથી ચારને બદલે પાંચ મહાવ્રત સ્વીકાર્યા હતા. પ્રભુ મહાવીરના જમાઈ (ભાણા) શ્રી જમાલી અહીંના હતા, જેમણે અહીં જ પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી હતી.

શ્રાવસ્તી ગૌતમ બુદ્ધનું પણ મુખ્ય સ્થળ ગણાય છે. પરદેશી બૌદ્ધ ભક્તોએ અહીં બૌદ્ધ મંદિરો બનાવ્યા છે. જૂના ખંડેરોમાં અંગુલીમાલ (જેને જૈનમાં અર્જુનમાલી કહે છે) લૂંટારાની ગુફા, બૌદ્ધ મંદિર, બૌદ્ધ વિહાર જોવા જેવા છે.

## ૨૦. રત્નપુરી

આજનું રોનાહી ગામ શ્રી ધર્મનાથ ભગવાનના સમયમાં ‘રત્નપુરી’ નામની વિરાટ નગરી હતી. પ્રભુનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક અહીં થયા છે. અહીંનાં ગ્રામીણ લોકો ભગવાનને ‘ધર્મરાજ’ કહે છે અને અભિષેક કરે છે જેથી તેમની મનોકામના પૂર્ણ થાય છે.

એક શ્વેતાંબર મંદિર ચોગાનની વચ્ચે આવેલું છે. આ જ ચોગાનમાં એક બીજું નાનું મંદિર છે જેમાં પાંચેક મૂર્તિઓ સંપ્રતિ રાજાના વખતની છે. ત્યાંથી અર્ધો કિલોમીટર દૂર ગામમાં એક દિગંબર મંદિર અને બાજુમાં નદી કાંઠે એક દેરીમાં ધર્મનાથ ભગવાનના પગલાની સ્થાપના છે.

ફૈજાબાદ-લખનઉ રોડ ઉપર રોનાહી ગામ પાસે જમણી બાજુ પોણો કિ.મી. અંદર આ તીર્થ આવેલું છે.

## ૨૧. કુલુહાપહાડ અને ભદ્રિકાપુરી


દશમા ભગવાન શ્રી શીતળનાથના દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક કુલુહાપહાડ પર થયેલા છે એમ મનાય છે. કુલુહાપહાડ પર અનેક દર્શનીય પ્રાચીન પ્રતિમાઓ છે અને એક નાનું દિગંબર જૈન મંદિર અને વિશાલ સરોવર છે. આને જૈન પહાડ પણ કહે છે.

દિલ્લી-કલકત્તા રાષ્ટ્રીય ધોરીમાર્ગ (જી.ટી.રોડ) ઉપર વારાસણી અને ઈસરી (શિખરજી) વચ્ચે ડોભી આવેલું છે. બુધગયાથી ડોભી ૨૦ કિલોમીટર છે. ડોભીથી હંટરગંજ ૧૫ કિ.મી., ત્યાંથી ઘંઘરી ૮ કિ.મી. સુધી પાકો રોડ છે. ઘંઘરીથી દંતારગાવ સુધી ૮ કિ.મી. કાચો રોડ છે. દંતારગાવમાં જૈન ધર્મશાળા છે જ્યાં રહેવાની સગવડ છે. દંતારગાવથી ૧ાા કિમી. દૂર તળેટી છે અને ત્યાંથી કુલુહા પહાડનો ચઢાવ ૩ કિ.મી. છે.

કુલુહાપહાડથી ૮-૧૦ કિ.મી. દૂર મોંદલ ગામ છે. આ જ પ્રાચીન ભદ્રિકાપુરી (ભદ્દિલપુર) છે. અહીં શીતળનાથ ભગવાનના ગર્ભ અને જન્મ કલ્યાણક થયેલા છે.

(ઈ.સ. ૧૯૮૨માં પ્રકાશિત દિગંબર પુસ્તક ''જૈન તીર્થ દર્શન''માંથી)

# દિલ્લી તરફની કલ્યાણક ભૂમિઓ



**દિલ્લી**–દિલ્લી દર્શન માટે લાલ કિલ્લાથી બસો મળે છે. આખો દિવસ જોઈએ. એ સિવાય ચાંદની ચોકમાં દિ. લાલ મંદિર (ધર્મશાળા પણ છે), ત્યાંથી અર્ધો કિ.મી. દૂર કિનારી બજારમાં નવઘરા મહોલ્લામાં મોટું શ્વે. મંદિર, પછી ત્યાં જ ચીરાખાના મહોલ્લામાં આવેલ મંદિર (જેમાં એક કબાટમાં રત્નોની પ્રતિમાઓ પણ છે), પછી ત્યાં જ ચેલપુરી મહોલ્લામાં આવેલ મંદિરમાં દર્શન કરવા. શક્ય હોય તો લાલ કિલ્લામાં રાત્રે ૭ થી ૮ Light & Music Programme જોવા જેવો છે, જેમાં લાલ કિલ્લાનો પૂરો ઇતિહાસ–એ બન્યો ત્યારથી કોનું-કોનું આક્રમણ થયું એ બધી વિગત સાથે, દેશ આઝાદ થયો ત્યાં સુધીનો–બતાવવામાં આવે છે. દાદાવાડીમાં ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે અથવા અન્ય ધર્મશાળામાં રહી શકાય. રૂપનગર માર્ગ નંબર ૩ માં પણ એક શ્વેતાંબર મંદિર અને ધર્મશાળા છે. દિગંબરના બે મુખ્ય મંદિર–૧. નયા મંદિર, ધર્મપુરા અને ૨. સેઠકા કૂંચા બડા મંદિર દર્શનીય છે.

દિલ્લીથી શાહદરા થઈને ૩૩ કિ.મી. દૂર ઐતિહાસિક તીર્થસ્થળીમાં શ્રી ત્રિલોક તીર્થધામ શ્રી દિગંબર અતિશય ક્ષેત્ર બડાગાંવ (બાગપત) માં આવેલું છે. બધી સુવિધા છે. આ સ્થળ ઉત્તર પ્રદેશમાં છે.

## ૨૨. હસ્તિનાપુર

શાસ્ત્રોમાં આ નગરીના ગજપુર, નાગપુર, શાંતિનગર, બ્રહ્મસ્થળ વગેરે નામોનો ઉલ્લેખ મળે છે. આ નગરીની પ્રાચીનતા યુગાદિદેવ

શ્રી આદિનાથ ભગવાનથી શરૂ થાય છે. શ્રી આદિનાથ ભગવાને અહીં જ વરસીતપનું પારણું શ્રી શ્રેયાંસકુમારના હાથે ઈક્ષુરસથી કર્યું હતું અને તેથી જ આજે પણ ઘણા લોકો વરસીતપનું પારણું કરવા અક્ષય-તૃતીયાના દિવસે અહીં આવે છે. શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી કુંથુનાથ ભગવાન અને શ્રી અરનાથ ભગવાન, એ ત્રણ તીર્થંકરના (જે ચક્રી પણ હતા) કુલ ૧૨ કલ્યાણક અહીં જ થયેલા છે અને અન્ય ત્રણ ચક્રવર્તી–સનતકુમાર, સુભૂમ અને મહાપદ્મ–ની પણ એ રાજધાની હતી. મલ્લિનાથ ભગવાનનું પ્રથમ સમવસરણ અહીં થયું હતું. વિષ્ણુ-કુમાર મુનિએ વામનરૂપ ધારણ કરી, નમુચિમંત્રી દ્વારા અકંપનાચાર્ય સહિત ૭૦૦ મુનિઓ ઉપર કરેલા ઉપસર્ગનું નિવારણ અહીં જ કર્યું હતું અને ત્યારથી જ રક્ષાબંધનપર્વની શરૂઆત થઈ કહેવાય છે. કૌરવ-પાંડવોની એ રાજધાની હતી. શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી પાર્શ્વનાથ સ્વામી અને શ્રી મહાવીરસ્વામીનાં પણ અહીં પદાર્પણ થયેલાં છે.

વર્તમાનમાં અહીં એક સુંદર શ્વેતાંબર મંદિર આવેલું છે જેનો જીર્ણોદ્ધાર થઈ વિ.સં. ૨૦૨૧માં જ પ્રતિષ્ઠા થયેલ છે. મંદિરની કારીગરી, ભવ્ય શિખર દર્શનીય છે. મૂલનાયક શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ સંપ્રતિરાજાના વખતની લાગે છે અને આજુ બાજુ ગોખમાં શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. મંદિરની સાથે જ વિશાલ ધર્મશાળા છે જેમાં ગાદલા, ભોજનશાળા, બાથરૂમ-સંડાસ વગેરે બધી સગવડ છે. ધર્મશાળાની પાછળના ચોકમાં ભોજનશાળા પાસે એક નવીન પારણા-મંદિર આવેલું છે,

જેમાં શ્રી ઋષભદેવ ભગવાન અને શ્રેયાંસકુમારની આરસની ભવ્ય રમણીય ભાવવાહી મૂર્તિઓ અને શ્રી ઋષભદેવના પગલાની સ્થાપના છે. હમણા એક અષ્ટાપદ તીર્થ (શ્વે.) મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે જે ૧૫૧ ફૂટ ઉત્તુંગ થશે.

એ શ્વેતાંબર મંદિરની સામે જ એક વિશાલ દિગંબર મંદિર અને ધર્મશાળા છે. એ મંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૬૩માં થયેલ છે. એની પાસે જ શ્રી બાહુબલીનું નવી ઢબનું ભવ્ય નૂતન મંદિર બનેલું છે અને એની પાછળ વિશાલ ચોગાનમાં સમ્મેદશિખરજીની રચના કરેલી છે. ત્યાંથી એકાદ ફર્લાંગ દૂર 'અખિલ ભારતીય દિગંબર શોધસંસ્થાન' તરફથી હમણા થોડાંક વર્ષ પહેલા જંબૂદ્વીપની રચનાવાળું ભવ્ય મંદિર બનેલું છે, જેમાં વચ્ચે ૮૧ ફૂટ ઊંચો સુમેરુપર્વત અને ચારે બાજુ બીજા આર્યખંડો, મ્લેચ્છ ખંડો, ભોગભૂમિ, પર્વતો વગેરે રચના કરેલી છે. ત્યાંથી બે કિલોમીટર દૂર દિગંબરની ત્રણ અને શ્વેતાંબરની ચાર નશિયાઓ (ટૂંકો) આવેલી છે જેમાં ત્રણે ચક્રી તીર્થંકરના કલ્યાણકના પ્રતીકરૂપે પાદુકાજીની સ્થાપના છે. ત્યાંથી બે કિ.મી. દૂર એક દિગંબર નશિયા છે જ્યાં મલ્લિનાથ ભગવાનના સમવસરણ સ્થળના પ્રતીકરૂપે પાદુકાજી છે. ઠેઠ સુધી પાકો રોડ છે.

હસ્તિનાપુરની પાસે જ એક 'બહસૂમા' નામે ગામ છે જ્યાં એક ભવ્ય દિગંબર મંદિર છે, જેમાં ઘણી પ્રાચીન મૂર્તિઓ દર્શનીય છે. દિલ્લીથી મેરઠ થઈને હસ્તિનાપુર જવાય છે. દિલ્લીથી હસ્તિનાપુર માટે બસો પણ મળે છે.

## ૨૩. કંપિલજી

આ નગરીનાં પ્રાચીન નામ કાંપિલ્ય, ભોગપુર, માકંદી વગેરે હતા. તેરમા તીર્થંકર શ્રી વિમલનાથ ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન આ ચાર કલ્યાણકોથી આ ભૂમિ પાવન બનેલી છે. પ્રતાપી અને ધર્મનિષ્ઠ દસમા ચક્રવર્તી શ્રી હરિષેણ પણ અહીં થયેલા છે. સતી દ્રૌપદીનું પણ આ જ જન્મસ્થાન છે. અહીં એક અઘાતિયો ટીલો છે જ્યાં ભગવાને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું એવી માન્યતા છે.

વર્તમાનમાં અહીં એક શ્વેતાંબર મંદિર છે જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૦૪માં થઈ હતી. એક દિગંબર મંદિર વિ.સં. ૫૪૯માં નિર્મિત થયેલું છે જેમાં મૂળનાયક વિમલનાથ ભગવાનની મૂર્તિ અતિશયપૂર્ણ છે. શ્વે. અને દિ. ધર્મશાળાઓ અને ભોજનશાળાઓ છે. હાલમાં આ એક નાનું ગામડું છે. કાયમગંજ રેલવે સ્ટેશનથી ૮ કિલોમીટર દૂર છે અને મંદિર સુધી પાકો રોડ છે.

અહીં ચારે બાજુ ઘણી ખંડિત જિનપ્રતિમાઓ વેરવિખેર પડી છે. તેથી અનુમાન થાય છે કે પ્રાચીન કાળમાં અહીં ઘણા જૈન મંદિરો હતા.

## ૨૪. અહિચ્છત્રા

આ દિગંબર તીર્થ છે. આ નગરીના પ્રાચીન નામો શંખાવતી, અધિચક્રા, પરિચક્રા, છત્રાવતી, અહિક્ષેત્ર વગેરે હતા. શ્રી પાર્શ્વનાથ ભગવાનની આ તપોભૂમિ છે. પાર્શ્વનાથ ભગવાન અહીંના વનમાં વટવૃક્ષ નીચે ધ્યાનમાં ઊભા હતા ત્યારે કમઠના જીવ મેઘમાલીએ પ્રભુ પર ભયંકર આંધી સાથે મૂશળધાર પાણી અને કરા વરસાવી

ઘોર ઉપસર્ગ કર્યો. જ્યારે ભગવાન નાક સુધી પાણીમાં ડૂબી ગયા ત્યારે ધરણેંદ્ર-પદ્માવતીના સિંહાસન કંપવાથી તેઓએ આવીને પ્રભુના શીશ પર વિશાળ ફેણમંડપ રચીને ઉપસર્ગ દૂર કર્યો. પ્રભુ પર નાગરૂપે ફેણમંડપની રચના કરવાથી આ નગરીનું નામ અહિચ્છત્રા (અહિ=સર્પ+છત્રા=ફેણ) પડ્યું હોવાનું મનાય છે. દિગંબર માન્યતા પ્રમાણે પ્રભુને અહીં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું, જ્યારે શ્વેતાંબર માન્યતા પ્રમાણે પ્રભુને કેવળજ્ઞાન વારાણસીમાં થયું કહેવાય છે.

એ સિવાય મહાભારત સમયમાં દ્રોણાચાર્યની આ રાજધાની હતી. શ્રી આદિનાથ ભગવાન પછીના તીર્થંકરોની વિહારભૂમિ તેમજ અગિયાર ચક્રવર્તીઓની અધિકાર-ભૂમિ પણ આ છે.

વર્તમાનમાં અહીં એક પ્રાચીન શિખરબંધી દિગંબર મંદિર છે. એમાં 'તિખાલવાળા બાબા'ની હરિત વર્ણની પ્રાચીન પ્રતિમા દર્શનીય છે અને ઘણી ચમત્કારી મનાય છે. મૂર્તિ બહુ અદ્‌ભુત અને મનમોહક છે. આવી કલાત્મક પ્રાચીન પ્રતિમાના દર્શન અન્યત્ર દુર્લભ છે. આ દિગંબરોનું અતિશયક્ષેત્ર ગણાય છે.

આ ક્ષેત્ર બરેલી જિલ્લામાં શાહાબાદ-ઓવલા માર્ગ ઉપર રામનગર કિલ્લા ગામની નજીક આવેલું છે. રામનગરમાં એક વિશાલ દિગંબર જૈનમંદિર છે.

પ્રાચીન વિશાલ નગરીના ભગ્નાવશેષ ગામની ચારે બાજુ માઈલો સુધી વીખરાયેલા જોવા મળે છે. મંદિરના ચોગાનમાં ધર્મશાળા અને ભોજનશાળા છે. મંદિર સુધી પાકો રોડ છે.

# ૨૫. મથુરા (ઇંદ્રપુરતીર્થ)

મથુરા યાદવવંશી શ્રી ઉગ્રસેન રાજાની રાજધાની હતી. ભાવી તીર્થંકર શ્રી કૃષ્ણનું આ જન્મસ્થાન છે. સતી રાજુલની પણ આ જન્મ-ભૂમિ છે. પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીની પણ આ વિહારભૂમિ છે. આ અવસર્પિણી કાળના અંતિમકેવલી શ્રી જંબૂસ્વામીના સમયમાં અહીં ૮૪ વન હતા અને શ્રી જંબૂસ્વામી અહીંના જંબૂવનમાં તપશ્ચર્યા કરતાં ઉપસર્ગ સહી મોક્ષે સિધાવ્યા હતા, એથી આ સ્થળનું નામ 'ચોરાસી' પડ્યું. એ સ્થળ મથુરાથી ૪ કિલોમીટર દૂર અને દિલ્લી-આગરા રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર જ આવેલું છે. એ દિગંબર સિદ્ધક્ષેત્ર છે. વર્તમાનમાં અહીં એક દિગંબર મંદિર છે જેમાં શ્રી જંબૂસ્વામીના પ્રાચીન પાદુકાજી પ્રતિષ્ઠિત છે. અન્ય મૂર્તિઓ પણ પ્રાચીન છે. મંદિર સાથે વિશાલ સુંદર ધર્મશાળા અને ભોજનશાળા પણ છે.

વૈષ્ણવોના પ્રસિદ્ધ તીર્થધામ વૃંદાવન (જ્યાં શ્રીકૃષ્ણ ગાયો ચારતા અને રાસલીલા રમતા ) અને ગોકુલ (જ્યાં શ્રીકૃષ્ણ ઊછર્યાં હતા) મથુરાથી ૧૫ કિ.મી દૂર છે. મથુરામાં શ્રીકૃષ્ણનું જન્મસ્થાન પણ છે.

જૈન ઇતિહાસમાં મથુરા પ્રાચીન જૈનનગરી છે. પ્રથમ શાસ્ત્રવાચના પાટલિપુત્રમાં થયા પછી દ્વિતીય શાસ્ત્રવાચના અહીં મથુરામાં ચોથી સદીમાં થઈ હતી. પહેલાં અહીં ઘણા જૈનમંદિરો હતા. અહીં કંકાલી ટીલામાંથી ઘણા જૈન ભગ્નાવશેષો મળ્યા છે જે મથુરાના મ્યુઝિયમમાં સુરક્ષિત છે. મથુરામાં ચાર દિગંબર મંદિર અને એક શ્વેતાંબર મંદિર છે. શ્વેતાંબર મંદિર ઘીયામંડીમાં છે, ત્યાં ખાસ કંઈ સગવડ નથી.

# ૨૬. શૌરીપુર

યાદવવંશી રાજા શૂરસેને આ નગરી વસાવેલી. શૂરસેનના પ્રપૌત્ર બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનનો અહીં જન્મ થયેલો, એટલે ભગવાનના ગર્ભ અને જન્મ કલ્યાણકથી આ ભૂમિ પાવન થયેલી છે. શ્રીકૃષ્ણ, ભગવાનના કાકા-દીકરા ભાઈ હતા. રાજગૃહીના અધિપતિ જરાસંધના હુમલાઓથી ત્રાસીને યાદવો પછીથી દ્વારકા જઈ વસ્યા હતા. જૂનાગઢના રાજા ઉગ્રસેનની દીકરી રાજુલ જોડે ભગવાનના લગ્ન નક્કી થયા હતા, પણ પશુઓના આર્ત્તનાદથી કરુણાર્દ્ર થઈ ભગવાને ગિરનાર પર દીક્ષા ગ્રહણ કરી હતી. દિગંબર માન્યતા પ્રમાણે શૌરીપુરમાં આદિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર ભગવાનના પદાર્પણ થયેલા છે, અને આ શ્રી ધન્ય, યમ, વિમલાસુત આદિ કેવળીઓની નિર્વાણભૂમિ પણ છે.

વર્તમાનમાં અહીં એક દિગંબર અને એક શ્વેતાંબર મંદિર છે તથા બન્ને સંપ્રદાયની ધર્મશાળાઓ પણ છે જ્યાં પાણી, વીજળી અને વાસણની સગવડ છે. બટેશ્વરથી શૌરીપુર ત્રણ કિલોમીટર દૂર છે અને રસ્તો માટીના ટીલાવાળો અને નિર્જન હોવાથી રાત્રે મુસાફરી કરવી હિતાવહ નથી. ઠેઠ મંદિર સુધી પાકો રોડ છે. દિગંબર ધર્મશાળામાં ભોજનશાળાની સુવિધા પણ છે.

બટેશ્વરમાં યમુનાતટ પર એક વિશાળ દિગંબર મંદિર છે અને શૌરીપુર જતાં રસ્તામાં જ આવે છે. એમાં ઘણી મૂર્તિઓ અગિયારમી

બારમી સદીની છે. એક મૂર્તિ તો ચોથા આરાની હોય એમ એના શિલ્પ પરથી અનુમાન થાય છે. એ મંદિર પણ દર્શનીય છે.

**આગરા :–** આ કલ્યાણક ભૂમિ નથી; પણ રસ્તામાં આવે છે. અહીં તાજમહલ, દયાલબાગ, કિલ્લો વગેરે દર્શનીય છે. રહેવા માટે શ્રી હીરવિજયસૂરી શ્વે. જૈન દાદાવાડીમાં ધર્મશાળા તથા ભોજન-શાળાની સુવિધા છે. રોશન મુહલ્લામાં મુખ્ય શ્વે. મંદિર છે. એ સિવાય ૧૨ શ્વે. મંદિર અને કેટલાય દિગંબર મંદિરો છે.

## ૨૭. ગિરનાર

વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના ત્રણ કલ્યાણક–દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ-અહીં થયેલા છે. ૪૪૦૦ પગથિયા ચઢ્યા પછી પહેલી ટૂક આવે છે, જ્યાં દિ. અને શ્વે. મંદિર અને ધર્મશાળા પાસે-પાસે જ આવેલા છે. ત્યાંથી પાંચમી ટૂક (૩૫૦૦ પગથિયા) જવાય છે, જ્યાં શ્રી નેમિનાથ ભગવાનના નિર્વાણ કલ્યાણકના પ્રતીકરૂપે પ્રાચીન પગલાં છે. પાંચમી ટૂકેથી પાછા ફરતા ગૌમુખી ગંગાથી ૧૫૦૦ પગથિયા ઊતરી શેષાવન (સહસામ્રવન) જવાય છે જ્યાં શ્રી નેમિનાથના દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકના પ્રતીકરૂપે પ્રાચીન પગલાં છે. હાલમાં ત્યાં શ્વેતાંબર સમવસરણ મંદિર બન્યું છે. શેષાવનથી સીધા નીચે અવાય છે. જૂનાગઢથી ગિરનાર તળેટી ૧૦ કિ.મી. દૂર છે. તળેટીમાં શ્વે. અને દિ. મંદિર, ધર્મશાળા અને ભોજનશાળા છે. અમદાવાદથી જૂનાગઢ ૩૫૦ કિમી. છે.

## -: યાત્રા આયોજન સંબંધી વ્યવહારુ સૂચન :-

આ સૂચન એટલા માટે લખ્યું છે કે હવે શિખરજી યાત્રા માટે સંઘની રાહ જોવાની જરૂર નથી. ૧૦-૧૫ જણનું ગ્રુપ મળીને આરામથી યાત્રા કરી શકાય. મોટા સંઘમાં જવાથી ભગવાનના દર્શન બરાબર થતા નથી અને નાના તીર્થો કરી શકાતા નથી.

શિખરજીની યાત્રા માટે ટ્રેન મારફત 'પારસનાથ' (ગામનું નામ ઇસરી છે) અથવા 'ગિરડી' સ્ટેશન જવું. ગિરડી અને ઇસરી–બન્ને જગ્યાએ શ્વે. અને દિ. મંદિર અને ધર્મશાળાઓ છે. ત્યાંથી વાહન દ્વારા મધુવન (શિખરજી) જવું. (પારસનાથથી શિખરજી ૨૪ કિ.મી. અને ગિરડીથી ૩૦ કિ.મી. છે) ત્યાં એક દિવસ નીચેના મંદિરોના દર્શન અને એક દિવસ પહાડ યાત્રા એટલે ઓછામાં ઓછા બે દિવસ જોઈએ. ત્યાં ૩-૪ ટ્રાવેલ એજન્ટ છે જેમના ભાડાં દિવસ, તીર્થ તથા વાહન પ્રમાણે નક્કી કરેલા છે. જોકે ભાડાં બીજા સ્થળો કરતાં વધારે છે, પણ Seasonal ધંધો હોવાથી વધારે હોય જ. શિખરજી પહોંચીએ એ જ દિવસે પંચતીર્થી માટે ગાડી નક્કી કરી લેવી.

પૂરી યાત્રા કરવી હોય તો નીચે પ્રમાણે દિવસ થાય–

૧. શિખરજીથી પાલગંજ (ઇચ્છા હોય તો), ઋજુવાલિકા, ગિરડી, મંદારગિરિ કરીને ચંપાપુરી રોકાવું.

૨. ચંપાપુરીમાં સવારે નાથનગર તથા ભાગલપુરના મંદિરોના દર્શન કરી ત્યાંથી જમીને નીકળી કાકંદી કરીને લછવાડ (ક્ષત્રિયકુંડ)

રોકાવું. જો મોડું થઈ જાય તો કાકંદી છોડી દેવું, કારણ કે ત્યાં રાત્રે મુસાફરી કરવી હિતાવહ નથી.

૩. ક્ષત્રિયકુંડમાં સવારે પહાડની યાત્રા કરી ત્યાંથી જમીને બપોરે રવાના થઈ ગુણિયાજી દર્શન કરીને પાવાપુરી રોકાવું. રાત્રે જલમંદિરના દર્શન કરવા.

૪. સવારમાં પાવાપુરીના અન્ય દર્શન કરી જમીને રવાના થઈ કુંડલપુર, નાલંદા વિશ્વવિદ્યાલયના ભગ્નાવશેષ, Animation Show વગેરે જોઈ રાજગિર જવું.

૫-૬ રાજગિર પહાડ યાત્રા કરવી. રાજગિરની યાત્રા શાંતિથી કરવી હોય તો ત્યાં બે દિવસ રાખવા અને રાજગિરથી રાત્રે ટ્રેન (15109 રાજગિર વારાણસી બુધપૂર્ણિમા એક્ષપ્રેસ) પકડી બીજે દિવસે સવારે વારાણસી જવું.

૭. (ઇચ્છા હોય તો) પટના થઈને વૈશાલી જઈ સાંજે પટના રોકાવું અને ત્યાંથી ટ્રેન (12391 શ્રમજીવી એક્ષપ્રેસ અથવા બીજી કોઈ) દ્વારા વારાણસી જવું.

જો ચંપાપુરી ન જવું હોય તો શિખરજીથી ગિરડી થઈને કાકંદી કરીને લછવાડ જઈ શકાય; આમ કરીએ તો એક દિવસ બચે. જો વારાણસી તરફ ન જવું હોય તો રાજગિરથી ગયા અથવા પટના અથવા જે સ્થળેથી ટ્રેન મળે ત્યાંથી ટ્રેનમાં બેસી આપણા ગામે જઈ શકાય. બુધગયા જોવું હોય તો રાજગિરથી એ પ્રમાણે ગોઠવણી કરી શકાય. બિહાર અને ઝારખંડમાં રાત્રિ-યાત્રા સુરક્ષિત નથી. જોકે હવે

પરિસ્થિતિ સુધરી ગઈ હશે એમ લાગે છે.

યાત્રામાં ખાસ ધ્યાનમાં રાખવાનું કે જોખમ સાથે રાખવું નહીં. બહેનોએ સોના-ચાંદીના ઘરેણા પહેરવા નહીં અને બધાએ ગ્રુપમાં યાત્રા કરવી. પહાડની યાત્રામાં આનો ખાસ ધ્યાન રાખવો.

બીજું ધ્યાનમાં લેવા જેવું છે કે ઉપરોક્ત સ્થળોમાંથી પાવાપુરી, લછવાડ અને રાજગિરમાં Local Conveyance તરીકે આપણા વાહનોનો ઉપયોગ કરી શકાતો નથી, ત્યાંના સ્થાનિક વાહનોનો જ ઉપયોગ કરવો પડે છે. પાવાપુરીમાં સમવસરણ મંદિર, દિગંબર મંદિર વગેરે દર્શન માટે, લછવાડમાં ડુંગરની તળેટી જવા-આવવા માટે અને રાજગિરમાં પહાડોની તળેટી જવા માટે ઑટોરિક્ષા, ટાંગા અથવા જીપ ગાડી આદિ લેવી પડે. એટલે કોઈને કરકસર કરવી હોય તો શિખરજીથી લીધેલું વાહન રાજગિરમાં છોડી દેવું, તો બે દિવસનું ભાડું બચે અને રાજગિરથી ગયા અથવા પટના જવા માટે જુદું વાહન કરી શકાય અને રાજગિરથી ટ્રેનમાં વારાણસી જવું હોય તો વાહનની જરૂર પણ નથી.

વારાણસીમાં એક દિવસ જોઈએ. સિંહપુરી, ચંદ્રપુરી, કાશી વિશ્વનાથ મંદિર, મેદાગિન મંદિર વગેરે દર્શન માટે રિક્ષા, પિઆગો જેવું વાહન કરી શકાય. એના માટે વારાણસી શહરનો ગાઈડ મેપ આપેલો છે. પછી પેઢીમાં પૂછીને ગાડી નક્કી કરીને પહેલે દિવસે ત્યાંથી નીકળી નવનિર્મિત ઋષભદેવ તપસ્થલી તીર્થના દર્શન કરી કૌશાંબી અને પભૌસા દર્શન કરી ઇલાહાબાદમાં રાત્રિ-રોકાણ કરી

શકાય, અથવા ઋષભદેવ તપસ્થલી તીર્થમાં રાત્રિવાસ કરી શકાય. બીજે દિવસે ત્યાં ત્રિવેણી સંગમ નૌકા-વિહાર, મંદિરોના દર્શન કરી બપોરે રવાના થઈ અયોધ્યા જવું. ત્રીજે દિવસે (ઇચ્છા હોય તો) શ્રાવસ્તી જઈને પાછા આવવું, અથવા રત્નપુરી દર્શન કરીને પાછા આવવું. અયોધ્યાથી ૧૫ કિ.મી. દૂર ફૈજાબાદથી અથવા લખનઉ, ગોંડા અથવા નજીકમાં જ્યાંથી મળે ત્યાંથી ટ્રેન પકડી પોતાના ગામે જઈ શકાય.

જો દિલ્લી તરફની યાત્રા પણ કરવી હોય તો અયોધ્યા અથવા ફૈજાબાદથી ટ્રેન પકડી દિલ્લી જવું. ત્યાં દાદાવાડી અથવા અન્ય ધર્મશાળામાં રહી શકાય. ત્યાં એક દિવસ દિલ્લી દર્શન અને બીજે દિવસે મંદિરોના દર્શન તથા ખરીદી કરી શકાય. પછી ત્યાંથી વાહન નક્કી કરી પહેલે દિવસે હસ્તિનાપુર જઈ દર્શન કરી રાત રોકાવું. બીજે દિવસે ત્યાંથી અહિચ્છત્રા જઈ દર્શન કરી કંપિલજી રાત રહેવું. ત્રીજે દિવસે ત્યાંથી બટેશ્વર થઈ શૌરીપુર દર્શન કરી ફિરોજાબાદ જવું. ત્યાં દિલ્લી-કલકત્તા હાઈવે પર આવેલ લાલા છદામીદાસનું દિ. મંદિર દર્શન કરી આગરા જવું. ચૌથે દિવસે આગરામાં તાજમહલ, કિલ્લો તથા મંદિરોના દર્શન કરવા. પછી મથુરા દર્શન કરવા. આગરા અથવા મથુરા અને છેવટે દિલ્લીથી ટ્રેન પકડી પોતાના ગામે જઈ શકાય.

આ બધી યાત્રા એક સાથે ન કરવી હોય તો દિલ્લી તરફની યાત્રા જુદી કરી શકાય. એને માટે સાત દિવસ+મુસાફરીના દિવસ ગણી લેવા.

આ બધી માહિતી (ભદ્દિલપુર, કંપિલજી અને અહિચ્છત્રા સિવાય) જાત-અનુભવના આધારે લખેલી છે. છતાં જ્યારે જઈએ ત્યારે ચોકસાઈ કરી લેવી. ફોન નંબર અને રોડમાં ફેરફાર હોઈ શકે.

હાલમાં પારસનાથ જવા માટે મુંબઈથી 12322 Howarah Mail (Via Allabad) Daily Train છે, અમદાવાદથી 12941 Parasnath Express Weekly Train છે, જોધપુરથી 12308 Jodhpur Howarah Daily Train છે અને દિલ્લીથી કલકત્તા જતી ઘણી ટ્રેનો પારસનાથ થઈને જાય છે. કલકત્તાથી ગિરડી માટે 13111 Lal Quilla Exp. છે. દક્ષિણમાંથી એટલે મદ્રાસ, વિજયવાડાથી જવું હોય તો 13352 એલીપી-ધનબાદ એક્ષપ્રેસ અનુકૂલ છે.

જ્યાં ભોજનશાળા છે ત્યાં કહેવાથી નાસ્તાની વ્યવસ્થા પણ થઈ જાય છે. તે સંબંધી પેઢીમાં તપાસ કરવી. છતાં યોગ્ય લાગે તો સાથે શેકીને સોજી (ઉપમા રવો) લઈ લેવો, તો ગમે ત્યાં રસ્તામાં હોટલમાં ગરમ નાસ્તો બનાવી શકાય અને સાથે ચા-દૂધ લઈ શકાય.

# તીર્થસ્થળોના ફોન/મોબાઈલ નંબર

સમ્મેદશિખરજી 06558 - 232226/232260
ઋજુવાલિકા 098011 - 48309 / 094306 - 69781
મંદારગિરિ (દિ૦) 93042-33902 / 99341-76256 / 06424-237712
ચંપાપુરી (શ્વે.) 0641 - 2500205
નાથનગર (દિ.) 0641 - 2500522
લછવાડ (06345) 289133 / 289046
ગુણિયાજી શ્વે. (06324) 214045 / 93861 - 94218
દિ. 093088 - 03146 / 090065 61904
કુંડલપુર શ્વે. 099310 - 57185 / 06112 - 281624
દિ. (નંદ્યાવર્ત મહલ) 099344 - 34848
રાજગિર શ્વે. (06112) 255220
દિ. 098356 - 20074 / 093347-70317
પટના-ગુલજારબાગ દિ. 098356 - 39714
શ્વે. (0612) 645777
પાવાપુરી શ્વે. (06112) 262736 / 294008 / 262832
09431059081 / 099310 59618
દિ. 099312 - 28733 / 090065-61904
પાવાપુરી સમવસરણ તીર્થ (06112) 294100 099340 - 48788
વારાણસી (ભેલુપુર) શ્વે. 0542 - 3292881 / 2275407
દિ. 0542 - 275892 / 275357

| | | |
|---|---|---|
| વારાણસી (સિંહપુરી) | | 0542 - 2401346 / 2595129 |
| અયોધ્યા | શ્વે. | 05278 - 232113 |
| | દિ. | 05278 - 232308 |
| પભૌસા | દિ. | 05331 - 266144 |
| ઇલાહાબાદ | શ્વે. | (0532) 2652838/2460064 |
| | દિ. | (0532) 2400263 |
| ઇલાહાબાદ ૠષભદેવ તપસ્થલી તીર્થ દિ. | | |
| | | (0532) 2567067/ 3252756 / 3205690 |
| શ્રાવસ્તી - | શ્વે. | 05252 - 265215 |
| | દિ. | 05252 - 265295 |
| કંપિલજી | શ્વે. | 05690 - 271289 |
| | દિ. | 05690 - 271230 |
| અહિચ્છત્રા | દિ. | 05823 - 236418 / 236618 |
| હસ્તિનાપુર | શ્વે. | 01233 - 280140 |
| | દિ. | 01233 - 280133 |
| મથુરા (ચૌરાસી) | દિ. | 0565 - 2420983 |
| શૌરીપુર | દિ. | 05614 - 234717 |
| આગરા | શ્વે. | 0562 - 254559 |
| ત્રિલોક તીર્થધામ | દિ. | 09810075100, 09319020157 |
| | | 09319274175 |

*(જેમાં એક આંકડો ઓછો હોય તે ફોન નંબર ચેક કરી લેવા.)*

# મુખ્ય તીર્થસ્થળોના સરનામાં

| | |
|---|---|
| (૧) શિખરજી | Shri Jain Swetambar Society<br>Madhuben Post - Sikharji Pin 825326<br>Dt. Girdih (Bihar) |
| (૨) ચંપાપુરી | Shri Jain Swetambar Society<br>Post Champanagar - 812004<br>Dt. Bhagalpur (Bihar) |
| (૩) ક્ષત્રિયકુંડ | Shri Jain Swetambar Society<br>Shri Chhatriiyakunda Tirth Post Lachhuar -<br>811315 Via Sikandra Dt. Monghyr (Bihar) |
| (૪) પાવાપુરી | Shri Jain Swetambar Bhandar<br>Post Pawapuri - 803 115 Dt. Nalanda (Bihar) |
| (૫) રાજગૃહી | Shri Jain Swetambar Bhandar<br>Post Rajgir - 803 116 Dt. Nalanda (Bihar) |
| (૬) વારાણસી | Shri Jain Swetambar Tirth Society<br>B 20/46 Bhelupur, Varanasi - 221 010 (U.P.) |
| (૭) અયોધ્યા | Shri Jain Swetambar Mandir<br>Katara Mohalla, Post Ayodhya Dt. Faizabad (U.P.) |
| (૮) શ્રાવસ્તી | Shri Jain Swetambar Mandir<br>Post Shravasti Dt. Baharaich (U.P.) |
| (૯) હસ્તિનાપુર | Shri Hastinapur Jain Swetambar Tirth Samiti<br>Post. Hastinapur - 250 404 Dt. Merath |

# બે તીર્થ વચ્ચે રોડ-માર્ગે અંતર દર્શાવતું પત્રક

(અહીં દર્શાવેલ ક્રમ પ્રમાણે શિખરજીથી અયોધ્યા રોડ-માર્ગે યાત્રા કરવી અનુકૂળ છે, અને તે ક્રમમાં દૂરી અંદાજન કિ.મી.માં બતાવેલ છે. તે ક્રમમાં ફેરફાર કરવો હોય તો 'વધારાની વિગત' જોવા વિનંતી છે. વિશેષ માર્ગદર્શન માટે જુઓ પૂર્વ ભારતનો નક્શો)

**સમ્મેદશિખરજી (મધુવન)થી પાલગંજ ૧૪ ● - થી ઋજુવાલિકા ૬ ● - થી મંદારગિરિ ૨૦૦ ● - થી ચંપાપુરી ૫૫ ● - થી ભાગલપુર, નાથનગર થઈને ચંપાપુરી ૧૫ ● - થી કાકંદી ૧૦૦ ● - થી લછવાડ (ક્ષત્રિયકુંડ) ૩૪ ● - થી ગુણાવાજી ૬૦ ● - થી પાવાપુરી ૨૦ ● - થી કુંડલપુર ૨૩ ● - થી નાલંદા ૧ ● -થી રાજગૃહી ૧૪ ● -થી પટના ૧૦૦ ● -થી વૈશાલી ૪૮ ● -થી પટના ૪૮ ● - થી વારાણસી ૨૬૧ ● - થી ચંદ્રપુરી ૨૬ ● - થી સિંહપુરી ૧૮ ● - થી વારાણસી ૧૨ ● - થી ઇલાહાબાદ ૧૨૦ ● - થી કૌશાંબી ૫૨ ● - થી પભૌસા ૧૨ ● - થી ઇલાહાબાદ ૬૦ ● - થી અયોધ્યા ૧૬૨ ● - થી શ્રાવસ્તી ૧૦૪ ● - થી અયોધ્યા ૧૦૪ ● - થી રત્નપુરી (રોનાહી) ૨૫ ● - થી અયોધ્યા ૨૫**

(એ જ પ્રમાણે દિલ્લીથી રોડ-માર્ગે તીર્થસ્થળોની દૂરી અહીં બતાવેલ છે. વિશેષ માર્ગદર્શન માટે જુઓ ઉત્તર ભારતનો નક્શો.)

**દિલ્લીથી હસ્તિનાપુર ૧૧૫ ● - થી અહિચ્છત્રા ૨૦૫ ● - થી કંપિલ ૧૫૦ ● - થી શૌરીપુર ૧૭૦ ● - થી ફિરોઝાબાદ ૪૩ ● - થી આગરા ૪૫ ● - થી મથુરા ૬૦ ● - થી દિલ્લી ૧૬૦**

**વધારાની વિગત :–**

**શિખરજીથી પાવાપુરી ૧૮૩ ● શિ. થી પટના ૩૦૦ ● શિ. થી વારાણસી ૩૬૫ ● શિ. થી બુધગયા ૧૮૦ ● શિ. થી કલકત્તા ૩૩૫ ● શિ. થી ગયા ૨૦૫**

**રાજગૃહીથી બુધગયા ૧૦૦ ● બુધગયાથી કુલુહાપહાડ (ભદ્દિલપુર) ૫૦ ● અયોધ્યાથી વારાણસી ૨૦૦ ● કલકત્તાથી જિયાગંજ ૨૨૫ ● જિયાગંજથી મંદારગિરિ ૨૧૫ ● શ્રાવસ્તીથી લખનૌ ૧૧૦ ● લખનૌથી કંપિલ ૨૫૦ ● શૌરીપુરથી કાનપુર ૨૧૦ ● કાનપુરથી ઇલાહાબાદ ૧૬૦ ● લખનૌથી ફૈજાબાદ ૧૨૫ ● ફૈજાબાદથી અયોધ્યા ૬**

## કલ્યાણક ભૂમિઓનો કોઠો

| | તીર્થંકરોના નામ | ચ્યવન કલ્યાણક | જન્મ કલ્યાણક | દીક્ષા કલ્યાણક | કેવળજ્ઞાન કલ્યાણક | નિર્વાણ કલ્યાણક |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઋષભદેવ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | ઇલાહાબાદ | અષ્ટાપદ |
| ૨. | અજિતનાથ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સમ્મેદશિખર |
| ૩. | સંભવનાથ | શ્રાવસ્તી | શ્રાવસ્તી | શ્રાવસ્તી | શ્રાવસ્તી | સમ્મેદશિખર |
| ૪. | અભિનંદન | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સમ્મેદશિખર |
| ૫. | સુમતિનાથ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સમ્મેદશિખર |
| ૬. | પદ્મપ્રભુ | કૌશાંબી | કૌશાંબી | [૧]કૌશાંબી | [૧]કૌશાંબી | સમ્મેદશિખર |
| ૭. | સુપાર્શ્વનાથ | ભદૈની | ભદૈની | ભદૈની | ભદૈની | સમ્મેદશિખર |
| ૮. | ચંદ્રપ્રભુ | ચંદ્રપુરી | ચંદ્રપુરી | ચંદ્રપુરી | ચંદ્રપુરી | સમ્મેદશિખર |
| ૯. | સુવિધિનાથ | કાકંદી | કાકંદી | કાકંદી | કાકંદી | સમ્મેદશિખર |
| ૧૦. | શીતળનાથ | ભદ્દિલપુર | ભદ્દિલપુર | કુલુહાપહાડ | કુલુહાપહાડ | સમ્મેદશિખર |
| ૧૧. | શ્રેયાંસનાથ | સિંહપુરી | સિંહપુરી | સિંહપુરી | સિંહપુરી | સમ્મેદશિખર |
| ૧૨. | વાસુપૂજ્ય | ચંપાપુરી | ચંપાપુરી | [૨]ચંપાપુરી | [૨]ચંપાપુરી | [૨]ચંપાપુરી |
| ૧૩. | વિમલનાથ | કંપિલજી | કંપિલજી | કંપિલજી | કંપિલજી | સમ્મેદશિખર |
| ૧૪. | અનંતનાથ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સમ્મેદશિખર |
| ૧૫. | ધર્મનાથ | રત્નપુરી | રત્નપુરી | રત્નપુરી | રત્નપુરી | સમ્મેદશિખર |
| ૧૬. | શાંતિનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેદશિખર |
| ૧૭. | કુંથુનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેદશિખર |
| ૧૮. | અરનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેદશિખર |
| ૧૯. | મલ્લિનાથ | *મિથિલા | *મિથિલા | *મિથિલા | *મિથિલા | સમ્મેદશિખર |
| ૨૦. | મુનિસુવ્રત | રાજગૃહી | રાજગૃહી | રાજગૃહી | રાજગૃહી | સમ્મેદશિખર |
| ૨૧. | નમિનાથ | *મિથિલા | *મિથિલા | *મિથિલા | *મિથિલા | સમ્મેદશિખર |
| ૨૨. | નેમિનાથ | શૌરીપુર | શૌરીપુર | ગિરનાર | ગિરનાર | ગિરનાર |
| ૨૩. | પાર્શ્વનાથ | ભેલુપુર | ભેલુપુર | ભેલુપુર | ભેલુપુર | સમ્મેદશિખર |
| ૨૪. | મહાવીર | [૩]ક્ષત્રિયકુંડ | [૩]ક્ષત્રિયકુંડ | [૩]ક્ષત્રિયકુંડ | ઋજુવાલિકા | પાવાપુરી |

* આવી નિશાનીવાળા કલ્યાણકો વિચ્છેદ ગયેલા છે. ૧. દિગંબર પ્રમાણે પભૌસા ૨. દિગંબર પ્રમાણે મંદારગિરિ ૩. દિગંબર પ્રમાણે કુંડળપુર